CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિમલ વાઙ્મય યાત્રા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિમલ વાઙ્મય યાત્રા

[સુશ્રી વિમલા ઠકારના ગુજરાતી પુસ્તકોનો આસ્વાદ]

શ્રેયસ્ કારીઆ

વિમલ પ્રકાશન ટ્રસ્ટ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિમલ વાઙ્મય યાત્રા (Vimal Vangmay Yatra)

[Appriciation of the books in Gujarati Language by Shri Vimala Thakar]

© વિમલ પ્રકાશન ટ્રસ્ટ

''સંતકૃપા'', ૧૦૩, રત્નમ્ ટાવર, જજીસ બંગલો રોડ, બોડક દેવ, અમદાવાદ-૩૮૦ ૦૫૪

પ્રથમ આવૃત્તિ : ડિસેમ્બર, ૨૦૧૨

પ્રત : ૧૦૦૦

પૃષ્ઠ : ૪૪ + ૪ = ૪૮

કિંમત : રૂા. ૩૦-૦૦

પ્રકાશક : **વિમલ પ્રકાશન ટ્રસ્ટ**
અને 'વિમલ સૌરભ',
પ્રાપ્તિસ્થાન વાણિયાવાડી શેરી નં. ૯,
રાજકોટ-૩૬૦ ૦૦૨ ગુજરાત
ફોન / ફેકસ : ૦૨૮૧-૨૩૬૫૨૭૯
ઈ-મેઈલ : vimalsaurabh2010@yahoo.com
vimalprakashantrust@yahoo.com

આવરણ : **જયેશભાઈ હિરાણી**
કે. ક્રિએશન ગ્રાફિક્સ, રાજકોટ

મુદ્રક : **વાસુકિ પ્રિન્ટિંગ પ્રેસ**
૯/૫, જંકશન પ્લોટ,
રાજકોટ-૩૬૦ ૦૦૧
ફોન : ૦૨૮૧-૨૪૫૮૩૧૩

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અર્પણ

જીવન ઘડતરના એ સ્થાનો-

'શિવકુટી', 'શિવકુલ', 'રામરક્ષા',
'કૃષ્ણકુટી', 'મૈત્રી', 'સંતકૃપા'
અને
'પુષ્પકુંજ', 'આનંદભવન', 'વિમલ સદન'
તથા
'વિમલ સૌરભ'
ને
શ્રદ્ધાપૂર્વક અર્પણ

- શ્રેયસ્

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભૂમિકા

'સંપર્કબિંદુ'ના વાચકો માટે ક્રમશઃ લખાયેલો આ આસ્વાદ આજે પુસ્તકના સ્વરૂપમાં સંગ્રહાય છે તેનો આનંદ છે. ઈશ્વરની કૃપાથી વિમલ વાઙ્મયની આ યાત્રા જૂન ૨૦૦૮, ક્રમ નંબર ૪૩ થી શરૂ થઈ. જેમાં વાચકો વારે વારે સહભાગી થયા તેનું આજે સ્મરણ થાય છે.

જે વાણીને બચપણથી સાંભળી, શબ્દોમાં વહીને પુસ્તકોમાં સંગ્રહ થતાં જોઈ તે પુસ્તકોના આસ્વાદની આ યાત્રા મારા જીવનનો રોમ હર્ષક કાલખંડ છે ! અહીં દીદીમાઁના ફક્ત ગુજરાતી પુસ્તકોનો આસ્વાદ છે. ગુજરાતી ઉપરાંત હિન્દી, અંગ્રેજી, મરાઠી કે વિદેશી ભાષાઓના કુલ ૩૩૩થી વધુ પુસ્તકો મહાવૃક્ષ પાસે તૃણવત્ ઊભા હોઈએ તેવી અનુભૂતિ કરાવે છે. આંખોમાં સમાયું, અંદર ઊતર્યું અને જીવાયું તે આપણું !

આ યાત્રાના આરંભથી જ શ્રિયાએ સાથ આપ્યો છે. વિમલ પ્રકાશન ટ્રસ્ટના સાથી ટ્રસ્ટીઓ દીપ્તિબહેન કારીઆ, કેતનભાઈ દવે અને મુ. કરસનભાઈ પટેલને કેમ ભૂલાય ? મિત્ર વીરેન્દ્ર સાથે વિતાવેલા સ્નેહભર્યા લીલાછમ પચીસ વર્ષોમાં સખ્યના અનેક આયામો ખુલ્યા છે. પ્રકાશન માટે સહૃદયી સાધકોના સહયોગને પણ સ્મરું છું. આ શબ્દોમાં જેણે બળ પૂર્યું તે વિમલ ચરણરજ મસ્તકે ચડાવી વિરમું છું.

શ્રી દત્તજયંતી, ૨૦૧૨ -શ્રેયસ્ કારીઆ

રાજકોટ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૦૧. નવો પલટો (પ્રકાશન વર્ષ : પ્રાપ્ય નથી.)

વિમલાજીનું આ પ્રથમ ગુજરાતી પુસ્તક છે. મૂળ અંગ્રેજી પુસ્તિકા 'The Flame of Life'ના પ્રથમ લેખના ગુજરાતી અનુવાદથી **'નવો પલટો'** પુસ્તિકાની શરૂઆત થાય છે. ભૂદાન આંદોલનના સાથીઓને પત્ર એ વિમલાજીના જીવનમાં આવેલા નવા પરિવર્તનને વ્યક્ત કરે છે તો શ્રી પરમાનંદભાઈ કાપડિયા અને વિમલાજી વચ્ચે થયેલા પત્રવ્યવહારનો પણ અહીં સમાવેશ થાય છે. આ છ પત્રો વિમલાજીના જીવન પરિવર્તનની કહાણી સુરેખ રીતે રજૂ કરે છે. આ લેખો અને પત્રવ્યવહારનો સમાવેશ ''પ્રબુદ્ધ જીવન'' સામયિકમાં પ્રકાશિત કરેલો હતો.આ પુસ્તકનું આમુખ સ્વયં વિમલાજીનું લખેલું છે. આ પુસ્તકની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન વર્ષ પ્રાપ્ય નથી પરંતુ ઈ.સ. ૧૯૬૩ અથવા ૧૯૬૪નું અનુમાન થઈ શકે છે.

૦૨. અનંતને સથવારે (પ્રકાશન વર્ષ : ૧૯૬૯, ૧૯૮૪)

વિમલાજી અને કૃષ્ણજી (શ્રી જે. કૃષ્ણમૂર્તિ) વચ્ચેની વાતોનું આ પુસ્તકમાં તથ્યાત્મક નિવેદન છે. મૂળ અંગ્રેજી પુસ્તક 'On an Eternal Voyage'નો શ્રી કિશનસિંહજી ચાવડાએ કરેલો આ ગુજરાતી અનુવાદ એટલે **'અનંતને સથવારે'** પુસ્તક. પ્રથમ આવૃત્તિ રૂપે જાન્યુઆરી-૧૯૬૯માં પ્રકાશિત થયેલા આ પુસ્તકમાં જ્ઞાત-અજ્ઞાતની પેલે પાર રહેલા અભિનવ જીવનના આરંભની રજૂઆત છે, જેના કુલ ૮૮ પાનાઓ છે. આ પુસ્તકની ખાસિયત એ છે કે અન્ય પ્રકાશિત થયેલાં પુસ્તકો સામાન્ય રીતે પ્રવચનો પરથી મિત્રોએ ટ્રાન્સક્રાઈબ (ધ્વન્યાંકન) કરીને તૈયાર કરેલા હોય છે. જ્યારે આ એકમાત્ર પુસ્તક સ્વયં વિમલાજી દ્વારા *''લખાયેલું''* છે, સંવાદાત્મક નિરૂપણ આ પુસ્તકને અધિકૃતતા આપે છે.

૦૩. અતિમાનસના પ્રાંગણમાં (પ્રકાશન વર્ષ : ૧૯૬૮, ૨૦૧૨)

વિમલાજીએ મૂળ હિંદીમાં આપેલા પ્રવચનોનો શ્રી લાલુભાઈ શાહ દ્વારા કરવામાં આવેલો ગુજરાતી અનુવાદ એટલે પુસ્તક **'અતિમાનસનાં પ્રાંગણમાં'** 'માનવની મૂળભૂત ક્રાન્તિ', 'સાધના' તથા 'ગુરુપદ અને શરણાગતિ' એમ ત્રણ વિષયોને કેન્દ્રમાં રાખીને અપાયેલા વાર્તાલાપોનો અહીં સમાવેશ થયો છે. કુલ ૮૯ પાનાઓના આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ ડિસેમ્બર ૧૯૬૮માં પ્રકાશિત કરવામાં આવી. આ અનુવાદ રસાળ છે તથા વિમલાજી કયા ઊંડાણથી દરેક વિષયોનો સંવાદ કરે છે તેનો વાચકને ખ્યાલ આવે છે. શબ્દો જીવાયેલા જીવનના વાહક બનીને પહેલા શ્રોતા અને પછી વાચકો સુધી પહોંચે છે તે અનુભવી શકાય છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૦૪. નિજાનંદનો વિસામો (પ્રકાશન વર્ષ : ૧૯૭૧)

વિમલાજીના મૂળ અંગ્રેજી પુસ્તક 'Silence in Action'નો શ્રી કિશનસિંહજી ચાવડાએ કરેલો ગુજરાતી અનુવાદ એટલે 'નિજાનંદનો વિસામો' પુસ્તક. આ પ્રવચનો ૧૯૬૮માં બિલ્વથોવન (હૉલેન્ડ)માં અપાયા હતા. કુલ ૫૮ પાનાઓમાં ફેલાયેલા આ પુસ્તકને પ્રથમ આવૃત્તિ તરીકે ૧૯૭૧માં પ્રકાશિત કરવામાં આવ્યું. ધ્યાનમાર્ગના પ્રવાસીઓ માટે આ પુસ્તક મિત્ર અને ભોમિયાની ગરજ સારે એવી ભાવના અનુવાદકે વ્યક્ત કરી છે. આખા પુસ્તકમાં જીવનની તાજગી અને ધ્યાનની શાંતિની આબોહવા પથરાયેલી લાગે છે.

૦૫. પંચધારા (પ્રકાશન વર્ષ : ૧૯૭૧)

આ પુસ્તિકામાં પ્રકૃતિ યાત્રાના પાંચ સ્મૃતિ લખાણો છે. વિમલાજી સાથે દેશમાં ચાર સ્થળોએ અને વિદેશમાં એક સ્થળે ભ્રમણ કરવાનો લ્હાવો મેળવનાર સુશ્રી સુનંદાબહન વહોરાનું આ રસાળ વર્ણન એટલે પુસ્તક 'પંચધારા'. પંચધારાનું ઝરણું આંતરયાત્રાને પણ એટલી જ પ્રગટ કરે છે. કુલ ૮૩ પાનાઓમાં વર્ણવાયેલા આ પાંચે પ્રવાસોનું દરેકનું અલગ રહસ્ય સમાયેલું છે. વિમલાજીએ જીવનની ગતિશીલતાની વાત વારેવારે ઘુંટી છે જે વાચનારને સ્પર્શી જાય છે. આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ ૧૯૭૧માં પ્રકાશિત થઈ હતી.

૦૬. જીવનગંગોત્રી (પ્રકાશન વર્ષ : ૧૯૭૨, ૧૯૮૭)

વિમલાજીના અંગ્રેજી પુસ્તક 'Voyage into oneself'નો શ્રી કિશનસિંહજી ચાવડાએ કરેલો આ ગુજરાતી અનુવાદ એટલે પુસ્તક 'જીવન ગંગોત્રી'. અમેરિકાના કેલિફોર્નિયા પ્રદેશના જુદા જુદા સ્થાનોમાં ૧૯૬૮ના ઓક્ટોબર માસમાં અપાયેલા પ્રવચનો ૧૯૭૦માં મૂળ અંગ્રેજીમાં જ પ્રગટ થયા હતા. જેનો આ ગુજરાતી અનુવાદ પ્રથમ આવૃત્તિ તરીકે ૧૯૭૮માં પ્રકાશિત થયો. કુલ ૧૫૨ પાનાઓમાં માનવજાતની મર્યાદા દર્શાવીને વ્યક્તિગત જીવનમાં કેવી કટોકટી સળવળે છે તેનો સંકેત આ પુસ્તકમાં જોવા મળે છે. માનવીની આંતરયાત્રાનું અહીં સુરેખ, સુસંગત અને સૂક્ષ્મ દર્શન થાય છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૦૭ . મનની ક્ષિતિજ (પ્રકાશન વર્ષ : ૧૯૭૨, ૧૯૮૭)

હૉલેન્ડમાં આવેલી Nijmegen યુનિવર્સિટીના મનોવિજ્ઞાન વિભાગમાં વિમલાજીએ ૧૯૭૦માં બે પ્રવચનો આપેલા અને પ્રશ્નોત્તરી થયેલી. 'University Talks'ના નામે ૧૯૭૦માં પ્રકાશિત થયેલી આ પુસ્તિકાનો શ્રી કિશનસિંહજી ચાવડાએ કરેલો ગુજરાતી અનુવાદ એટલે 'મનની ક્ષિતિજ' પુસ્તક. જે ૧૯૭૧માં પ્રથમ આવૃત્તિ તરીકે પ્રકાશિત થયું. કુલ ૬૪ પાનાઓની આ પુસ્તિકા ધ્યાનનું સત્ત્વ નવા મનુષ્યને કઈ રીતે જન્માવે છે, તે અનિવાર્ય પ્રક્રિયા છે તેવી સારગર્ભ વાતનો સમાવેશ કરે છે. ધ્યાનને સમગ્ર માનવજીવનના ઉત્થાનના સંદર્ભમાં આ પુસ્તિકામાં મૂકવામાં આવ્યું છે. માનવ મનની મર્યાદાને ખુલ્લી કરી તેથી પેલે પારની ચેતનાના દ્વાર સુધી આ પુસ્તિકા વાચકને લઈ જાય છે અને એ રીતે જિજ્ઞાસુઓની જીવનયાત્રામાં સથવારો આપે છે.

૦૮. હેતની રેલી (પ્રકાશન વર્ષ : ૧૯૭૨, ૧૯૮૭, ૨૦૦૮)

ફેબ્રુઆરી ૧૯૭૧માં વિમલાજીએ કાશી હિંદુ વિશ્વવિદ્યાલયના ધ્યાન શિબિરમાં પ્રવચનો આપેલા. જે મૂળ હિન્દીમાં 'સખ્યસંવાદ' નામના પુસ્તકારે પ્રકાશિત થયેલા. આ પુસ્તકનો શ્રી કિશનસિંહજી ચાવડાએ કરેલો ગુજરાતી અનુવાદ એટલે 'હેતની રેલી' પુસ્તક. જેની પ્રથમ આવૃત્તિ ઈ.સ. ૧૯૭૨માં પ્રકાશિત થઈ. કુલ ૧૦૭ પાનાઓના આ પુસ્તકમાં મૌન-ધ્યાનનાં પરિમાણ અંગે સીધું અને હૃદયવેધક કથન છે. વાચક જીવંત વિભૂતિને શબ્દ સેતુ દ્વારા પોતાની અંદર પામે છે. આ પુસ્તકનું ૧૯૯૭ અને ૨૦૦૮માં પુનઃ મુદ્રણ થયું છે.

૦૯. કસ્તુરબા ટ્રસ્ટની બહેનો સાથે (પ્રકાશન વર્ષ : ૧૯૭૪)

વિમલાજીએ ઈ.સ. ૧૯૭૩નાં માર્ચમાં આસામ રાજ્યમાં લખીમપુર અને ગૌહતી ખાતે કસ્તૂરબા ટ્રસ્ટની બહેનો સાથે શબ્દાત્મક સંવાદ કર્યો. 'મૈત્રી આશ્રમ' ખાતે ધ્યાન શિબિરનું આયોજન થયું તો શરણિયા આશ્રમ ખાતે પ્રવચનો થયા. આ બન્ને વિભાગોના પ્રવચનોની સારરૂપ નોંધ હિન્દીમાં ડૉ. પ્રેમલતાજી શર્મા દ્વારા તૈયાર થઈ અને હિન્દી ભાષામાં જ પુસ્તક તૈયાર થયું 'कस्तुरबा ट्रस्ट की बहनों से'. આ મૂળ હિન્દી પુસ્તકનો શ્રી સુનંદાબહેન વહોરાએ તૈયાર કરેલો ગુજરાતી અનુવાદ એટલે પુસ્તક **'કસ્તુરબા ટ્રસ્ટની બહેનો સાથે'**. કુલ ૧૧૪ પાનાઓના આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ ૧૯૭૪માં પ્રકાશિત થઈ. સમગ્ર જીવન એ સાધના છે અને પ્રત્યેક કર્મ ચિત્તશુદ્ધિનો અવસર છે તેવું આ પુસ્તક વાંચતા અનુભવાય છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૧૦. જીવનભાથું (પ્રકાશન વર્ષ : ૧૯૭૪)

વિમલાજીએ ઈ.સ. ૧૯૬૨ થી ૧૯૭૧ સુધી શ્રી કલ્યાણભાઈ શાહના કુટુંબીજનો તેમજ કેટલાક મિત્રો ઉપર પત્રો લખ્યા હતા તેમાંથી પસંદ કરાયેલા, આંતરસાધનાને સ્પર્શતા ભાગો 'જીવનભાથું' પુસ્તકમાં આપવામાં આવ્યા છે. આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ ઈ.સ. ૧૯૭૪માં પ્રકાશિત કરવામાં આવી. કુલ ૬૪ પાનાઓના આ પુસ્તકમાં સમાવાયેલા પત્રાંશો ભલે એક વ્યક્તિને સંબોધાયા હોય પણ એવું લાગે છે કે જાણે સર્વ કોઈના માટે કહેવાયા હોય. આ ભાવને સર્વ કોઈ આવે વહેંચી લેવા માટે આ પત્રો પ્રસિદ્ધ થયા હતા. વિમલાજીના પત્રોનું ગુજરાતી ભાષામાં આ સર્વપ્રથમ પુસ્તક છે.

૧૧. માર્કસ માઓ ગાંધી પછી શું ? (પ્રકાશન વર્ષ : ૧૯૭૪)

વિમલાજીએ આસામમાં ગૌહત્તી ખાતે ૧૯૭૩માં ત્રણ પ્રવચનો આપ્યા હતા. જેમાં લોકક્રાંતિના ત્રણ આચાર્યો માર્કસ, માઓ અને ગાંધીની મૂળગત વિશેષતાઓ, પાયાની વિચારણાઓ વણી લેવાઈ હતી. આ પ્રવચનોમાં ત્રણેના જીવનદર્શનની વિધાયકતા વિશદ રૂપે વ્યક્ત થઈ હતી. આ પ્રવચનો મૂળ હિન્દીમાં અપાયા હતા, જેનો ગુજરાતી અનુવાદ શ્રી કિશનસિંહજી ચાવડાએ કર્યો હતો. તે આ પુસ્તિકા 'માર્કસ માઓ ગાંધી પછી શું ?' તરીકે ઈ.સ. ૧૯૭૪માં પ્રકાશિત થયો, જેના કુલ ૩૯ પાનાંઓ છે.

૧૨. દીદી સાથે (પ્રકાશન વર્ષ : ૧૯૭૪)

વિમલાજી સાથેના યુરોપ અને અમેરિકાના પ્રવાસ દરમ્યાન શ્રી પ્રભાબહેન મરચન્ટે પત્રો સ્વરૂપે લખાણ લખેલું તેનું સંગ્રહિત પુસ્તક સ્વરૂપ એટલે 'દીદી સાથે'. ૧૯૭૪માં પ્રથમ આવૃત્તિ તરીકે પ્રકાશિત થયેલા આ પુસ્તકમાં પ્રભાબહેને વિમલાજીના જીવનનાં અનેક પાસાંઓને ઉદ્‌ઘાટિત કર્યા છે. આ પુસ્તકમાં કુલ ઓગણીશ પત્રો છે. દરેક પત્રની શરૂઆતમાં શ્રી કિશનસિંહજી ચાવડાએ પોતાની નોંધ મૂકી છે. આમ સમગ્ર રીતે આ પુસ્તક રસલહાણ રૂપ બન્યું છે. સમગ્ર માનવજાત મનની પેલે પાર છલાંગ નહીં લગાવે અને આજનાં પ્રશ્નો અને સમસ્યાઓનો ઉકેલ નહીં મેળવે તો એનું કલ્યાણ નથી. આ વાત પુસ્તકના પ્રત્યેક શબ્દમાં રસાળ અને વણાયેલી છે. આ પુસ્તક કુલ ૨૯૧ પાનાઓ સુધી વિસ્તરેલું છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૧૩. જાગી ઊઠો જગદંબ (પ્રકાશન વર્ષ : ૧૯૭૫)

વિમલાજીના સાન્નિધ્યમાં આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ-૧૯૭૫માં નડિયાદની વિઠ્ઠલ કન્યા વિદ્યાલયમાં એપ્રિલ માસમાં એક શિબિરનું આયોજન થયું હતું. આ દરમ્યાન તેઓના ચાર પ્રવચનો અને એક પ્રશ્નોત્તરી થયા હતા, તે સંગ્રહને શીર્ષક અપાયું 'જાગી ઊઠો જગદંબ'. આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ ૧૯૭૫માં પ્રકાશિત થઈ. કુલ ૫૪ પાનાઓની આ પુસ્તિકામાં માનવન પૂર્ણ જીવન કેમ જીવાય ? સ્વશિક્ષણ દ્વારા આત્મકલ્યાણ ઉપલબ્ધ કેમ કરાય ? આ પ્રકારની જિજ્ઞાસા ધરાવનારને એક પ્રકારની ચાવી હાથ લાગે છે. આ પુસ્તકમાં સ્ત્રીજીવનના મૂળભૂત વિચારોને સ્પર્શવામાં આવ્યા છે.

૧૪. સાથે ચાલો (પ્રકાશન વર્ષ : ૧૯૭૫, ૨૦૧૨)

વિમલાજીએ ૧૯૭૧માં માઉન્ટ આબૂ ખાતે મળેલા સ્વજન મિલનમાં સંવાદરૂપ ત્રણ પ્રવચનો આપ્યા હતા. આ ત્રણે પ્રવચનોમાં તેઓએ પોતાના અંતરની વાત સહજતાથી કરી હતી. સંસ્થા, સંગઠન કે સ્વયંસેવકો વિના કેવળ મિત્રોની સહાય અને સહકારના આધારે સખ્યનું પરિમાણ કેવી રીતે જીવી શકાય તેની સંભાવના પણ આપી હતી. 'સાથે ચાલો' શીર્ષકથી પ્રકાશિત આ પુસ્તિકામાં અતિ વિશદ આત્મ પ્રગટીકરણ છે. મૂળ હિન્દીમાં અપાયેલા આ પ્રવચનોનો શ્રી કિશનસિંહજી ચાવડાએ ગુજરાતીમાં કરેલો અનુવાદ પ્રથમ આવૃત્તિ તરીકે ૧૯૭૫માં પ્રકાશિત કર્યો હતો અને સુધારેલી બીજી આવૃત્તિ ૨૦૧૨માં પ્રકાશિત થઈ. કુલ ૪૪ પાનાઓમાં ફેલાયેલું આ પુસ્તક વિમલાજીનું જીવનસત્ત્વ, વિમલજીવન દર્શન શિખીને આચરણમાં મૂકનાર માટે મૂળભૂત તથા અનિવાર્ય બનશે.

૧૫. ધ્યાન-એક જીવન માર્ગ (પ્રકાશન વર્ષ: ૧૯૭૨,૧૯૭૬,૧૯૮૦,૧૯૯૮, ૨૦૧૧)

વિમલાજીએ માથેરાન, આબૂ તથા હોલેન્ડ અલગ-અલગ સમયે આપેલા પ્રવચનોની પુસ્તિકા 'Maditation a Way of Life'નો શ્રી કિશનસિંહજી ચાવડાએ ગુજરાતીમાં અનુવાદ એટલે 'ધ્યાન-એક જીવનમાર્ગ' પુસ્તક જેની પ્રથમ આવૃત્તિ ૧૯૭૨માં પ્રકાશિત થઈ. આ ત્રણે પ્રવચનોમાં વિમલાજીના દર્શનનું સત્ત્વ આવી જાય છે. ત્રણે પ્રવચનો અલગ-અલગ વખતે અપાયેલા હોઈને વાચકને પુનરાવૃત્તિ લાગશે, પરંતુ તે જુદા-જુદા સંદર્ભમાં મુકાયેલી હોઈને સરળતા અને વિશદતા વધારવામાં ઉપયોગી થાય છે. સુધારા સાથેની આવૃત્તિનો કુલ ૪૮ પાનાઓમાં સમાવેશ થયો છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૧૬. બદ્ધ અને મુક્ત (પ્રકાશન વર્ષ : ૧૯૭૬)

વિમલાજીએ માઉન્ટ આબૂ ખાતે જિજ્ઞાસુ મિત્રો સમક્ષ એપ્રિલ ૧૯૭૫માં ત્રણ પ્રવચનો આપ્યા હતા તેનું સુશ્રી સુનંદાબહેન વોહરાએ કરેલું સંકલન અને અનુવાદ એટલે 'બદ્ધ અને મુક્ત' પુસ્તિકા. જે પ્રથમ આવૃત્તિ તરીકે ૧૯૭૬માં પ્રકાશિત થઈ હતી. બદ્ધ મનુષ્ય કોણ છે ? અને મુક્તાવસ્થા શું છે ? આ વિષયને વિમલાજીએ પૂરાં ઊંડાણથી સ્પર્શ્યો છે. બંધન આપણી અંદર છે અને જીવનની વસ્તુસ્થિતિનો અસ્વીકાર જ બંધન છે એવું સમજાવી વિમલાજી આત્માધિનતાની યાદ અપાવે છે. તેઓ કહે છે આત્મભાવ જાગૃત કરે, એ જ છે સત્સંગ. આ પુસ્તિકાના કુલ ૨૩ પાનાંઓ છે.

૧૭. શ્રી જ્ઞાનેશ્વરી - પદ્યાનુવાદ (પ્રકાશન વર્ષ : ૧૯૭૮, ૨૦૧૧)

પંચમપુરુષાર્થ પ્રબોધિની જ્ઞાનેશ્વરીનો શ્રી કિશનસિંહજી ચાવડાએ કરેલો આ ગુજરાતી પદ્યાનુવાદ છે જે મૂળ મરાઠી પ્રમાણે ઓવી છંદમાં જ છે. અનુવાદ પાછળની પ્રેરણા અને દરેક તબક્કે સક્રિયતા વિમલાજીની રહી. કુલ નવ હજાર ઓવીઓનો ભાવાર્થ કરતી વખતે મર્મ પૂરો સચવાય, સત્ત્વશુદ્ધિ અક્ષુણ્ણ રહે તેની અહીં કાળજી રખાઈ છે. ગુજરાતી ભાષામાં કેટલાક પ્રયોગો પ્રચલિત ન હોવા છતાં તેને મરાઠીના ભાવલાવણ્ય અને સર્જનછટા જાળવી રાખવાં કરાયાં છે. આ ગ્રંથનો મંગળ પ્રવેશ પણ વિમલાજીએ લખેલો છે. આ ગ્રંથની ૧૯૭૮માં પહેલી આવૃત્તિ પ્રકાશિત થઈ હતી અને પુનઃમુદ્રણ ૨૦૧૧માં થયું. કુલ ૬૨૦ પાનાઓના આ પુસ્તકનો અનુવાદ એ ભગીરથ કાર્ય હતું.

૧૮. શ્રીઅમૃતાનુભવ અને ચાંગદેવ પાસષ્ઠી (પ્રકાશન વર્ષ : ૧૯૭૯)

સંત જ્ઞાનેશ્વર રચિત મૂળ મરાઠી ગ્રંથ અમૃતાનુભવનો ઓવી છંદમાં સ્વયં વિમલાજીએ કરેલો આ ગુજરાતી પદ્ય અનુવાદ છે. શ્રી જ્ઞાનેશ્વરના જીવનદર્શનનો મર્મ છે – આત્મબોધ અને આત્મરતિ. તેઓના આગવા દર્શનને આ ગ્રંથમાં સમાવાયો છે સ્વયં વિમલાજી કહે છે કે આટલા વર્ષોમાં તેઓની અક્ષર કાયા પર કોઈ કાટ ચડ્યો નથી. શ્રી ચાંગદેવે જ્ઞાનેશ્વર મહારાજ પર લખેલી આત્મ સખ્યની પાંસઠ ઓવીઓ મરાઠી સંત-સાહિત્યમાં પ્રસિદ્ધ છે. તેનો ગુજરાતી અનુવાદ પણ વિમલાજીએ કરેલો છે. આમ, શ્રી જ્ઞાનેશ્વર, ચાંગદેવ અને વિમલાજી એમ ત્રણ ભાગવત જીવનના સંગમની અહીં ત્રિવેણી વહે છે. આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ ૧૯૭૯માં પ્રકાશિત થઈ હતી. જેના કુલ ૯૫ પાનાઓ છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૧૯. પર્યુષણ-પ્રસાદી (પ્રકાશન વર્ષ : ૧૯૭૯, ૧૯૯૭)

વિમલાજીએ શિવકુટી, માઉન્ટ આબૂ ખાતે ૧૯૭૮ પર્યુષણ પર્વમાં આપેલા પ્રવચનોનો આ સંગ્રહ એટલે પુસ્તિકા 'પ્રર્યુષણ પ્રસાદી'. તેનું સંકલન શ્રી પ્રભાબહન મરચન્ટે કરેલું છે. પર્યુષણ પર્વને કેન્દ્રમાં રાખીને કહેવાયેલી વાતોને કારણે જૈન ધર્મ અને તેમાં વપરાતી પરિભાષા આ પુસ્તિકામાં મુખ્ય છે. સતત આઠ દિવસો સુધી ચાલેલો આ સત્સંગ છેવટ ''જિન પદ નિજ પદ એકતા''ની ઊંચાઈ સુધી પહોંચે છે. આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ ૧૯૭૯માં અને પુનઃમુદ્રણ ૧૯૯૪માં થયા હતા તથા તેના જેના કુલ ૭૨ પાનાઓ છે.

૨૦. અવધૂત પ્રસાદી (પ્રકાશન વર્ષ : ૧૯૮૧, ૧૯૮૩, ૧૯૯૩, ૨૦૦૯)

વિમલાજીએ ફેબ્રુઆરી ૧૯૮૧માં નર્મદા કિનારે આવેલા તીર્થસ્થાન નારેશ્વર મુકામે જીવન સાધકો સમક્ષ ધ્યાન શિબિર દરમ્યાન આપેલા પ્રવચનોનો અને પ્રશ્નોત્તરીનો આ સંગ્રહ છે. વિમલાજીના જ શબ્દો મુજબ - ''અવધૂત પ્રસાદી'' નામકરણ થયું. સાથે જ તેની મહત્તા પણ સ્થાપિત થઈ ગઈ. મૂળ હિન્દી પરથી ગુજરાતી ભાષાન્તર સુશ્રી મીરાંબહેન ભટ્ટે કરેલું છે. આ અનુવાદ પ્રકાશિત કરતાં પહેલા વિમલાજીને વાંચી સંભળાવવામાં આવ્યો હતો જેમાં તેઓએ જરૂરી સુધારાવધારા પણ સૂચવ્યા હતા. અત્યાર સુધીમાં આ પુસ્તકની કુલ ચાર આવૃત્તિઓ અને ૯૦૦૦ નકલો છપાઈ છે. આ ધારાના પ્રવાહમાં અનેકાનેક જિજ્ઞાસુ-સાધકો ઝબકોળાયા છે. આ પુસ્તકના કુલ ૧૬૬ પાનાઓ છે.

૨૧. ગોપનાથ ગોષ્ઠી (પ્રકાશન વર્ષ : ૧૯૮૧)

વિમલાજીએ સૌરાષ્ટ્રના પ્રખ્યાત તીર્થસ્થાન ગોપનાથ ખાતે ૧૯૮૦ના એપ્રિલ માસમાં યોજાયેલા શિબિરમાં આપેલા પ્રવચનોનો સંગ્રહ એટલે પુસ્તક 'ગોપનાથ ગોષ્ઠી'. મૂળ હિન્દી પ્રવચનોની ડૉ. ઊર્મિલાબહેન શર્માએ નોંધ લીધી હતી તેનો ગુજરાતી અનુવાદ શ્રી પદ્માબહેન ભાવસારે કર્યો. આ પુસ્તકમાં વિમલાજી સાથેની પ્રશ્નોત્તરી ઉપરાંત શ્રી મનુભાઈ પંચોલીનાં ત્રણ મહત્ત્વનાં પ્રવચનોનો સમાવેશ થાય છે. પ્રવચનોમાં નૂતન પર્વના આરંભનો ધ્વનિ સ્પષ્ટ સાંભળી શકાય છે. જીવનના આંતર-બાહ્ય સંબંધોને નવેસરથી ઘડવા ઇચ્છા હોય તેને આ પુસ્તક ઘણું જ ઉપયોગી નિવડનારું છે. આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ ૧૯૮૧માં પ્રકાશિત થઈ હતી તથા તેના કુલ ૧૩૬ પાનાઓ છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૨૨. દીદી સાથે કેલિફોર્નિયામાં (પ્રકાશન વર્ષ : ૧૯૮૧)

વિમલાજી સાથે અમેરિકા જવાનો સુભગ અવસર સુશ્રી પ્રભાબહેન મરચન્ટને ૧૯૭૯ના સપ્ટેમ્બરમાં સાંપડ્યો. આ દરમ્યાન તેઓએ કુલ ૨૫ નોંધો તૈયાર કરેલી તદ્ઉપરાંત ૧૯૭૬માં હૉલેન્ડમાં અપાયેલા પ્રવચનો તથા પ્રશ્નોત્તરીની નોંધને સાંકળીને તૈયાર થયેલું પુસ્તક એટલે 'દીદી સાથે કેલિફોર્નિયામાં' પુસ્તક. આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ ફેબ્રુઆરી ૧૯૮૧માં પ્રકાશિત થઈ. આ પુસ્તકમાં પ્રવચનો ઉપરાંત સંધાન રૂપ વાતો પણ મૂકાયેલી છે. જે રસપ્રદ રીતે ભારતની બહાર વિમલાજીની દિનચર્યા- જીવનચર્યાનો ઘણો ખ્યાલ આપે છે. વિમલાજી જેટલું અનરાધાર વરસ્યા છે તેટલી તેને શબ્દબદ્ધ કરવાની પ્રભાબહેનની મહેનત, બંનેના સુભગ સમન્વયથી આ પુસ્તક અનોખું બની રહ્યું છે.

૨૩. જીવન સાધક બનો (પ્રકાશન વર્ષ : ૧૯૮૧)

વિમલાજીનાં ૧૯૮૦ના એપ્રિલ માસમાં રાજસ્થાન + મધ્યપ્રદેશના કાર્યકરોનો સાન્નિધ્યમાં શિબિર યોજાયો. આ શિબિરમાં ''કાર્યકર્તા મટો, જીવનસાધક બનો'' આ વાતને તેઓએ સુંદર રીતે છણાવટ કરીને સમજાવી હતી. આ પ્રવચનોનો સંગ્રહ એટલે પુસ્તિકા 'જીવન સાધન બનો'. આ પ્રવચનો અપાયા આબૂમાં અને નોંધો થઈ ડેલહાઉસીમાં ! પરિણામે વર્ણનમાં હિમાલય પણ આવી જાય છે. સુશ્રી પ્રભાબહેન મરચન્ટે તૈયાર કરેલા આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ એપ્રિલ ૧૯૮૧માં પ્રકાશિત થઈ. કુલ ૫૫ પાનાઓના આ પુસ્તકમાં માનવ માનવ વચ્ચે વેર એ જીવનની વિકૃતિ છે, મનમાં અજ્ઞાન, ક્ષુલ્લકતાનાં જાળાં બાઝેલા હોય તે મન મુક્તિનું ગાન નથી ગાઈ શકતું. તે સમજાવી કાર્યકરોને ચિત્તશુદ્ધિની હાકલ કરતાં અધ્યાત્મસાધનાનું વૈજ્ઞાનિક રૂપ સમજાવ્યું છે.

૨૪. દીદીની લોકજાગરણ યાત્રા (પ્રકાશન વર્ષ : ૧૯૮૧)

વિમલાજીએ ૧૯૮૦માં ૧૮મી સપ્ટેમ્બરથી સમગ્ર ભારતભરની સત્સંગ યાત્રા શરૂ કરી. અલગ-અલગ રાજ્યોમાં સતત ફરવાનું થયું. આ યાત્રામાં તેઓનો ભારતભૂમિ સાથેનો પ્રેમનો અતૂટ નાતો સતત છવાયેલો રહ્યો. સુશ્રી પ્રભાબહેન મરચન્ટે પોતે આ યાત્રામાં સાથે હોય ત્યારે લીધેલી નોંધોનો સંગ્રહ એટલે પુસ્તક **'દીદીની લોકજાગરણ યાત્રા'**. આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ માર્ચ ૧૯૮૧માં પ્રકાશિત થઈ. સત્સંગ યાત્રા ભારતના જન જનને અધ્યાત્મ ભણી વાળવાનો પ્રસંગ હતો. આ પુસ્તકનો મુખ્ય સ્વર છે 'માનવ બનો'. જીવનના દરેક ક્ષેત્રને અજવાળતું વિમલાજીનું એ જીવનપર્વ આ પુસ્તકમાં બહુ સુન્દર રીતે ઝીલાયું છે. જેના કુલ ૧૦૮ પાનાઓ છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૨૫. આત્મદીપ (પ્રકાશન વર્ષ : ૧૯૮૨)

વિમલાજીના સાન્નિધ્યમાં અમદાવાદમાં ડિસેમ્બર ૧૯૬૯માં અપંગ માનવ મંડળ સંસ્થા ખાતે ધ્યાન શિબિરનું આયોજન થયું હતું. આ દરમિયાન અપાયેલા મૂળ હિન્દી પ્રવચનોનો સંગ્રહ ૧૯૮૧ના દિવાળીના રોજ પ્રકાશિત થયો. આ પ્રવચનોનું સંકલન તથા સંપાદન ડૉ. ઊર્મિલાબહેન શર્માએ કરેલું. આ મૂળ હિન્દી પ્રવચનોનો ગુજરાતી અનુવાદ શ્રીમતી ભાગીરથીબહેન મહેતાએ કર્યો. આ ગુજરાતી **'આત્મદીપ'**ની પહેલી આવૃત્તિ ૧૯૮૨ના જાન્યુઆરી માસમાં પ્રકાશિત કરવામાં આવી. કુલ ૮૪ પાનાઓના આ પુસ્તકની એક વિશેષતા એ પણ છે કે શ્રી ઉમાશંકર જોશીએ આમુખ લખ્યું છે. આ પ્રવચનો દરમિયાન વિમલાજી વેદનાપૂર્વક કહી ઊઠ્યા હતા કે સમગ્ર વિશ્વ એક અપંગ માનવ મંડળ છે. કેમકે જે ક્ષણને સમગ્રતાથી નથી જીવાતી એ અપંગતા છે. આ વાર્તાલાપમાં માનવને પૂર્ણ રીતે જીવવા માટે જાગૃત કરવાની આરઝુ અનુભવાય છે.

૨૬. સહજસમાધિ ભલી (પ્રકાશન વર્ષ : ૧૯૮૨, ૧૯૮૬, ૨૦૧૧)

વિમલાજીના સાન્નિધ્યમાં ઈ.સ. ૧૯૭૩નાં ડિસેમ્બર માસમાં આજોલ ખાતે શિબિરનું આયોજન થયું હતું. આમ દરમિયાન તેઓએ પ્રવચનો આપેલા તથા પ્રશ્નોત્તરી થયેલી, તેની ગુજરાતી પ્રથમ આવૃત્તિનું ૧૯૮૨માં પ્રકાશન થયેલું. આ મૂળ હિન્દી પ્રવચનોનો શ્રી ભાગીરથીબહેન મહેતાએ કરેલો ગુજરાતી અનુવાદ એટલે **'સહજસમાધિ ભલી'** પુસ્તક. આ પુસ્તકમાં વિમલાજી કહે છે મનુષ્યએ પોતાની જાત સાથે બેસવાની તાલીમ લેવી પડશે અને તો જ વિચારોની શાંતિ અને વેગની સ્થિરતા સુધી પહોંચી શકશે. આ શાંતિમાં જ અંતરંગ ખુલ્લું થશે. આપણને દેહની બહાર જેટલું દેખાય છે તેટલું જ દેહની અંદર પણ છે. જ્યાં સુધી આ અંદરનો પરિચય થતો નથી ત્યાં સુધી મનુષ્ય સ્વાધીન નથી. સુધારા પછીની દ્વિતીય આવૃત્તિમાં આ પુસ્તકના કુલ ૧૫૨ પાનાઓ છે.

૨૭. વિમલ-શિરીષ જીવન-સંવાદ (પ્રકાશન વર્ષ : ૧૯૮૨)

વિમલાજી અને શ્રી શિરીષભાઈ માંકડ વચ્ચે થયેલા પત્રવ્યવહારનો સંગ્રહ એટલે પુસ્તક **'વિમલ શિરીષ જીવન-સંવાદ'**. જેની પ્રથમ આવૃત્તિ જુલાઈ ૧૯૮૨માં પ્રકાશિત થઈ. પૂજ્ય મોરારિબાપુ દ્વારા તેની પ્રસ્તાવના લખાઈ છે. સમગ્ર પત્રવ્યવહારમાં જીવનના શિક્ષણના વ્યવહારના અનેક પ્રશ્નો જાણી લેવાયા છે. ગંગાજળા વિદ્યાપીઠ, અલિયાબાડા દ્વારા પ્રકાશિત પુસ્તક દિવંગતને શ્રદ્ધાંજલિ અને જીવંતને પ્રેમાંજલિ રૂપ બની રહ્યું છે. આ પુસ્તકના કુલ ૭૨ પાનાઓ છે. આ પત્રવ્યવહાર અનેક વિષયોની છણાવટ કરતો હોઈ વાચકને વધુ આકર્ષે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૨૮. મુક્તિ સોપાન (પ્રકાશન વર્ષ : ૧૯૮૩)

દેવતાત્મા હિમાલયની ગોદમાં નૈસર્ગિક સૌન્દર્યથી ઉભરાતું ગિરિમથક ડેલહાઉસી આવેલું છે. આવા શાંત પવિત્ર વાતાવરણમાં ૧૯૮૨ના ગ્રીષ્મ કાળમાં વિમલાજીએ વિદેશી મિત્રોના અંગ્રેજી ભાષામાં વર્ગો લીધેલા, જેની પ્રભાબહન મરચન્ટે ગુજરાતીમાં નોંધ લઈને તૈયાર કરેલું પુસ્તક એટલે **'મુક્તિ સોપાન'**. જેની પ્રથમ આવૃત્તિ ૧૯૮૨માં પ્રકાશિત થઈ. વિમલાજીએ માનવ ચેતનામાં જાણે બીજ નાખ્યાં ! અનેક વાતો તેઓએ આ વર્ગોમાં વિશદ રીતે સમજાવી હતી. જેનો મુખ્ય સૂર હતો આમૂલાગ્ર પરિવર્તન પ્રત્યેક મનુષ્યને જીવનસિદ્ધ અધિકાર છે. કુલ ૧૮ પ્રકરણો અને ૧૫૭ પાનાઓમાં ફેલાયેલું આ પુસ્તક જીવન સાધકો માટે ઘણું જ ઉપયોગી છે.

૨૯. જીવનયોગ (પરિચય) (પ્રકાશન વર્ષ : ૧૯૮૩)

વિમલાજીના સાન્નિધ્યમાં ઈ.સ. ૧૯૭૧માં સૌરાષ્ટ્રમાં આવેલા ચોરવાડ ખાતે ધ્યાન શિબિરનું આયોજન થયું હતું. આ દરમ્યાન અપાયેલા પ્રવચનોનો સંગ્રહ જીવનયોગ નામથી હિન્દીમાં પ્રકાશિત થયો તેનો અનુવાદ ગુજરાતીમાં પ્રકાશિત કરતાં પહેલાં એક પ્રવચન અને પ્રશ્નોત્તરી પસંદ કરીને તૈયાર કરવામાં આવી પુસ્તિકા **'જીવનયોગ (પરિચય)'**. કુલ ૩૫ પાનાઓની આ પુસ્તિકાનું પ્રકાશન ઈ.સ. ૧૯૮૩માં કરવામાં આવ્યું. આ પરિચય આપતી પુસ્તિકાએ 'જીવનયોગ' પુસ્તકની ભૂમિકા તૈયાર કરવાનું કાર્ય કર્યું.

૩૦. જીવનયોગ (પ્રકાશન વર્ષ : ૧૯૮૪)

વિમલાજીના સાનિધ્યમાં સૌરાષ્ટ્રમાં આવેલા ચોરવાડ ખાતે ૧૯૭૧માં ડિસેમ્બર અને ફેબ્રુઆરી માસમાં યોજાયેલા બે અલગ-અલગ ધ્યાન શિબિરોમાં અપાયેલા જેમાં અપાયેલા ૧૩ પ્રવચનો અને ૭ પ્રશ્નોત્તરીનું સંકલન એટલે **'જીવનયોગ'**. મૂળ હિન્દી પરથી શ્રી બચુભાઈ સુતરીયાએ ગુજરાતી અનુવાદ કરેલો છે. આ પુસ્તકને સંપાદન માટે ઓછામાં ઓછું પરિવર્તન કરીને શબ્દોને મૂળરૂપમાં સુરક્ષિત રાખીને તૈયાર કરવામાં આવેલું છે. જેની પ્રથમ ગુજરાતી આવૃત્તિ ૧૯૮૪માં પ્રકાશિત થઈ હતી. આ ગ્રંથને વિમલાજીએ મૂળ હિન્દી સાથે સરખાવીને જોયેલો છે. આ ગ્રંથ અધ્યાત્મને તેના શુદ્ધ સ્વરૂપે અભિવ્યક્ત કરે છે. શબ્દના સંકેતોને ખોલીને સમજણ સુધી પહોંચવાનો એક રાજમાર્ગ આ પુસ્તકમાંથી મળી આવે છે. આ પુસ્તકના કુલ ૩૪૧ પાનાઓ છે અને બે વિભાગો છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૩૧. સમગ્રતાનું શિક્ષણ (પ્રકાશન વર્ષ : ૧૯૮૪, ૨૦૦૬)

વિમલાજીએ જાણીતા ભૌતિકવિજ્ઞાની ડૉ. સમ્પૂર્ણસિંઘના મૂળ અંગ્રેજી પુસ્તક 'A Scientific Outlook on the Intigration Through Education'-ની પ્રસ્તાવના લખી હતી. તેના સ્વતંત્ર પ્રકાશનનો ગુજરાતી અનુવાદ એટલે પુસ્તિકા **'સમગ્રતાનું શિક્ષણ'**. આ અનુવાદ શ્રી બાલકૃષ્ણભાઈ વૈદ્યનો કરેલો છે. આ પુસ્તિકાની પ્રથમ આવૃત્તિ ૧૯૮૪માં પ્રકાશિત કરવામાં આવી. આધુનિક વિષાદના મૂળમાં વિમલાજી અદ્યતન વિજ્ઞાનની રીતે આપણને લઈ જાય છે. વિજ્ઞાનની છેલ્લામાં છેલ્લી શોધોને પોતાના આધ્યાત્મિક અનુભવમાં ભેળવી તેનો સાર આ પુસ્તિકામાં આપ્યો છે. આ પુસ્તક બૌદ્ધિક કુતૂહલ સંતોષતું નથી, પરંતુ સીધું જ જીવન સાથે જોડે છે. આ પુસ્તકના કુલ ૨૧ પાનાઓ છે.

૩૨. મધુપર્વ (પ્રકાશન વર્ષ : ૧૯૮૫)

વિમલાજીના સાન્નિધ્યમાં બિહારમાં આવેલા લહેરીયાસરાય ખાતે ફેબ્રુઆરી ૧૯૮૪માં ધ્યાન શિબિરનું આયોજન થયેલું. તેમાં પાંચ દિવસ સુધી ચાલેલા પ્રવચન અને પ્રશ્નોત્તરીનો આ સંગ્રહ છે. મૂળ હિન્દીમાં ડૉ. ઊર્મિલાબહેન શર્માએ તૈયાર કરેલા પુસ્તકનો શ્રી પ્રભાબહેન મરચન્ટે કરેલો આ ગુજરાતી અનુવાદ છે. વિજ્ઞાન પર આરૂઢ અધ્યાત્મ એ આ પ્રવચન-પ્રશ્નોત્તરીનું મુખ્ય કેન્દ્ર છે. મધુવિદ્યાના ઉલ્લાસને જગાડનારા પરથી **'મધુપર્વ'** એવી રીતે પુસ્તકનું નામકરણ થયું. આ પુસ્તકમાં વિમલાજી કહે છે ધર્મ-સમ્પ્રદાય અને અધ્યાત્મ બન્ને જુદા છે. અધ્યાત્મમાં સમજવાનું હોય છે અને સમજવાથી અજ્ઞાનનું અંધારું ટળી જાય છે. સમગ્ર પુસ્તકની ભાષા સરળ અને પ્રવાહી છે, જે વિષયને ગંભીર બનાવતો નથી.

૩૩. સ્થિતિપ્રજ્ઞસ્ય કા ભાષા (પ્રકાશન વર્ષ : ૧૯૮૭, ૧૯૯૨)

વિમલાજીના પ્રવચનો ૧૯૮૬ના નવેમ્બર-ડિસેમ્બર માસમાં કલકત્તામાં 'સ્થિતિપ્રજ્ઞના શ્લોકો' પર થયા હતા તેનો પ્રભાબહેન મરચન્ટે કરેલો અનુવાદ+સંકલન એટલે પુસ્તક **'સ્થિતિપ્રજ્ઞસ્ય કા ભાષા'**. જેની પ્રથમ આવૃત્તિ ૧૯૮૭માં પ્રકાશિત કરવામાં આવી. ભગવાન વાસુદેવે ઉચ્ચારેલી દૈવ વાણીનો સંગ આપણને વિમલ વાણીના માધ્યમથી મળ્યો છે. શ્રીમદ્‌ભગવત્‌ગીતા જીવન કેવી રીતે જીવી શકાય તે શિખવાડવાવાળું એક અમોઘ શાસ્ત્ર છે. પરિણામે મનુષ્ય જાતિની સેવા કરવાની ઈચ્છા જે વ્યક્તિએ રાખી છે તેઓ આ ગ્રંથની ઉપેક્ષા કરી શકતી નથી. સ્થિતિપ્રજ્ઞના શ્લોકોનો નવો જ ઉઘાડ આ પુસ્તકમાં થાય છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૩૪ . ઉત્તિષ્ઠત, જાગ્રત (પ્રકાશન વર્ષ : ૧૯૮૭)

વિમલાજીએ ગુજરાત બિરાદરીના ઉપક્રમે અલગ અલગ સમયે અને સ્થળે આપેલા પ્રવચનોનો સંગ્રહ એટલે **'ઉત્તિષ્ઠ, જાગ્રત'** પુસ્તિકા. આ પુસ્તકની પહેલી આવૃત્તિ સપ્ટેમ્બર ૧૯૮૭માં પ્રકાશિત કરવામાં આવી. અહીં કુલ ચાર પ્રવચનોનો સમાવેશ થયો છે, જેમાં સમાજ પરિવર્તનની દિશાઓ અને સંકેત, કાર્યકર્તા નહીં પણ જીવનસાધક, સાંસ્કૃતિક અભિયાન અને આપણો આદર્શ, સખ્ય-સહયોગ-સહજીવન જેવા વિષયો પર વિમલાજીએ અતિ ઊંડાણમાં માંડણી કરી છે. માનવ સમાજ પ્રત્યે મહામાનવો કેવી આશા સેવે છે અને અતિ ધીરજથી નિર્માણકાર્ય હાથ ધરે છે તેની પ્રતીતિ આ નાની પુસ્તિકાના શબ્દેશબ્દમાં અનુભવી શકાય છે.

૩૫. યોગક્ષેમં વહામ્યહમ્ (પ્રકાશન વર્ષ : ૧૯૮૭)

વિમલાજીએ જ્ઞાનેશ્વરી ગીતાના નવમા અધ્યાય પર આપેલા પ્રવચનોનો સંગ્રહ એટલે પુસ્તક **'યોગક્ષેમં વહામ્યહમ્'** આ પુસ્તકની પહેલી આવૃત્તિ સપ્ટેમ્બર ૧૯૮૭માં પ્રકાશિત થઈ હતી. શ્રી જ્ઞાનેશ્વરના જીવનદર્શનનો મર્મ છે આત્મબોધ અને આત્મરતિ, તેઓનું જીવનદર્શન કહે છે કે આત્માની સત્તા પર પ્રાણીમાત્રના દેહોનું સ્પંદન ઊઠે છે અને શાંત થાય છે. આ મર્મને વિમલાજીએ બહુ વિગતવાર સંવાદના રૂપમાં સમજાવતા જાય છે. આજે દેશમાં પલાયનવાદી અધ્યાત્મની બોલબાલા છે. આત્મસાધનાના નામે સંબંધોનો ઇન્કાર થતો જોવા મળે છે ત્યારે વિમલાજી કહે છે અધ્યાત્મ જીવન અભિમુખ છે.

૩૬. સ્વશિક્ષણની કલા (પ્રકાશન વર્ષ : ૧૯૮૮)

વિમલાજીએ ઈ.સ. ૧૯૮૫માં હૉલેન્ડમાં અને ૧૯૮૬માં ડેલહૌસીમાં આપેલા વ્યાખ્યાનોમાં તેઓ કહે છે કે સમગ્રતાનું દર્શન માણસે પોતે કરવાનું છે. આ માટેનું સ્વશિક્ષણ પોતે જ લેવાનું છે. મૂળ અંગ્રેજીમાં અપાયેલા આ છ વ્યાખ્યાનોનો શ્રી બાલકૃષ્ણભાઈ વૈદ્યે કરેલો ગુજરાતી અનુવાદ એટલે **'સ્વશિક્ષણની કલા'** પુસ્તક. ૬૧ પાનાઓની આ પુસ્તિકામાં નવો ઉન્મેષ છે. નવો આયામ છે. જેઓ જીવનને સાચી રીતે શીખવા, સ્વશિક્ષણ લેવા ઈચ્છતા હોય તેઓ માટે આ વ્યાખ્યાનો અત્યંત ઉપયોગી છે. આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ સપ્ટેમ્બર ૧૯૮૮માં પ્રકાશિત થઈ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૩૭. દવ તો લાગ્યો ડુંગરિયે (પ્રકાશન વર્ષ : ૧૯૮૮)

વિમલાજીએ ગાંધીજનોના સંમેલનમાં નવેમ્બર ૧૯૮૮નાં આપેલા પ્રવચનોનો સુશ્રી પ્રભાબહેન મરચન્ટે કરેલો ગુજરાતી અનુવાદ એટલે પુસ્તિકા **'દવ તો લાગ્યો ડુંગરિયે'**. કુલ ૩૧ પાનાઓની આ પુસ્તિકાની પ્રથમ આવૃત્તિ નવેમ્બર ૧૯૮૮માં જ પ્રકાશિત કરવામાં આવી. હરિજન આશ્રમ પાસે પ્રયોગ સમિતિમાં ગુજરાતભરમાંથી એકઠા થયેલા રચનાત્મક કાર્યકરો અને ગાંધીજનોની ઉપસ્થિતિમાં વિમલાજીએ લોકનિર્માણના વિચારના પ્રવાહને વહેવડાવ્યો. કુલ ત્રણ પ્રવચનો 'સંસ્કૃતિઓનો સંઘર્ષ', 'ગાંધીવિચારનો વૈશ્વિક સંદર્ભ', 'લોકશક્તિનું હાર્દ લોકશાહીનું નિર્માણ' એવા શીર્ષકો સાથે અહીં રજૂ થયા છે.

૩૮. યુવકોને આહ્વાન (પ્રકાશન વર્ષ : ૧૯૮૮)

વિમલાજીએ 'બિરાદરો' જોગ કરેલા નિવેદન તથા માધવપુર ખાતે પૂછાયેલા પ્રશ્નના ઉત્તરનો સંક્ષેપ એટલે પુસ્તિકા **'યુવકોને આહ્વાન'**. ગુજરાત બિરાદરી દ્વારા જુલાઈ ૧૯૮૮માં કુલ ૧૬ પાનાની નાની-શી પુસ્તિકાની પ્રથમ આવૃત્તિ પ્રકાશિત થઈ. બિરાદરો જોગ કરેલા નિવેદનમાં તેઓએ રાજકારણ, અર્થકારણમાં પોતાનું શું ચિંતન છે તેની મુદ્દા પ્રમાણે માંડણી કરેલી છે તો બિરાદરોનો જીવન અભિગમ આ ક્ષેત્રોમાં શો છે તેની તેઓએ સ્પષ્ટતા પણ માંગી હતી. બીજા પ્રવચનમાં વિદ્રોહના સ્વરૂપ અંગે બહુ જ ઊંડાણમાં સમજ આપી છે. પોતાના જીવનથી પ્રતિકારનો આરંભ કઈ રીતે થઈ શકે તે પણ અહીં સમજાવ્યું છે.

૩૯. સાધક અને સાધના (પ્રકાશન વર્ષ : ૧૯૮૬, ૧૯૮૮)

વિમલાજીએ એપ્રિલ ૧૯૮૦માં રાજસ્થાન-મધ્યપ્રદેશના સર્વોદય કાર્યકરો સમક્ષ કાર્યકર્તા માટી જીવન સાધક કઈ રીતે બનાય તેની છણાવટ કરતા પ્રવચનો આપેલા હતા. તેનું આંશિક સંકલન એટલે પુસ્તિકા **'સાધક અને સાધના'**. ક્રેસ્ટ એસોસિએટ દ્વારા ૨૧ પાનાઓની પુસ્તિકાની પ્રથમ આવૃત્તિ ઑક્ટોબર ૧૯૮૮માં પ્રકાશિત થઈ હતી. ભારત પાસે રહેલા વિશિષ્ટ વિજ્ઞાન-અધ્યાત્મને કેન્દ્રમાં રાખી વિમલાજીએ *'કાર્યકર્તા માટી જીવન સાધક બનો'* આ સૂત્રનું નિરૂપણ કર્યું. સાથોસાથ અધ્યાત્મ, સાધના, ધ્યાન, સત્સંગ શબ્દો પર ચોંટેલી શતકોની ધૂળને ઝાટકીને તેનો વૈજ્ઞાનિક અર્થ લેવા આપણને આહ્વાન કર્યું છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૪૦. બિરાદરોને જીવનદીક્ષા (પ્રકાશન વર્ષ : ૧૯૮૯, ૧૯૯૦)

વિમલાજીએ ડિસેમ્બર ૧૯૮૮ દરમ્યાન માઉન્ટ આબૂ ખાતે યુવા શિબિરમાં આપેલા પ્રવચનોનો સંગ્રહ એટલે **'બિરાદરોને જીવનદીક્ષા'** પુસ્તક જેની પ્રથમ આવૃત્તિ જાન્યુઆરી-૧૯૮૯ તથા સુધારા-વધારા સાથેની બીજી આવૃત્તિ એપ્રિલ-૧૯૯૦માં પ્રકાશિત કરવામાં આવી. ૧૪૩ પાનાઓના આ પુસ્તકમાં વ્યક્તિચેતના પરિવર્તન અને સમાજ પરિવર્તન બંને એક જ છે તેવી સમજ આપવાની સાથે ઊઠતા સવાલોના જવાબો પણ આપ્યા. તો યુવાનોને જીવન સાધકો બનવાની હાકલ કરતા તે શબ્દોનો અર્થ પણ સમજાવ્યો છે. ગુજરાત બિરાદરીના માધ્યમથી જીવન પરિવર્તનનું સાહસ કરનારા યુવાનો માટે આ પુસ્તક અખૂટ ભાથું બંધાવનારું સીમાચિહ્ન બન્યું.

૪૧. રંગ દે બસંતી ચોલા (પ્રકાશન વર્ષ : ૧૯૮૯)

વિમલાજીએ ફેબ્રુઆરી-૧૯૮૯માં કચ્છ જિલ્લાના માંડવી ખાતે યોજાયેલા સત્સંગ મેળામાં આપેલા પ્રવચનોનો સંગ્રહ એટલે **'રંગ દે બસંતી ચોલા'** પુસ્તક. ૬૨ પાનાઓના આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ એપ્રિલ-૧૯૮૯માં પ્રકાશિત થઈ. આ પુસ્તકનું સંપાદન પ્રભાબહેન મરચન્ટનું છે. અહીં કુલ ચાર પ્રવચનોનું સંકલન વિમલાજીએ અધ્યાત્મ, ભારતીય સંસ્કૃતિ, શિક્ષણ પદ્ધતિ, ગાંધી જીવનદર્શન, ગ્રામોદ્યોગથી લઈને બહુરાષ્ટ્રીય કંપનીઓ જેવા વિશાળ ફલક ધરાવતા વિષયોને ઊંડાણમાં જઈને સમજાવ્યા છે. 'બિરાદરોને જીવનદીક્ષા' પછી યુવા બિરાદરો માટે આ પુસ્તક સીમાચિહ્ન બન્યું.

૪૨. નવભારતના ઘડવૈયાઓને (પ્રકાશન વર્ષ : ૧૯૮૮)

વિમલાજી દ્વારા 'લોક નિકેતન'-રતનપુર તથા ગુંદી ખાતે ઈ.સ. ૧૯૮૮માં અપાયેલા પ્રવચનોનો સંગ્રહ એટલે **'નવભારતના ઘડવૈયાઓને'** પુસ્તક. પ્રભાબહેન મરચન્ટ દ્વારા સંપાદિત ૮૬ પાનાઓના આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ એપ્રિલ-૧૯૮૯માં પ્રકાશિત થઈ. અહીં કુલ સાત પ્રવચનો તથા પ્રશ્નોત્તરીનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત વડોદરા ખાતે ગુજરાત બિરાદારીના વાર્ષિક મિલનમાં અપાયેલા એક પ્રવચનનો અહીં સમાવેશ કરવામાં આવ્યો છે. ભાવિ સમાજરચના માટે માર્ગદર્શક વાણી અહીં શબ્દબદ્ધ થયેલી છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૪૩. ગાંધી જીવનદર્શન (પ્રકાશન વર્ષ : ૧૯૯૦)

વિમલાજીએ ગાંધી જીવનદર્શન વિશે અલગ અલગ સ્થળ અને સમયે આપેલા ચાર પ્રવચનોનો સંગ્રહ એટલે **'ગાંધી જીવનદર્શન'** પુસ્તિકા. ૫૭ પાનાઓની આ પુસ્તિકાનું સંકલન-સંપાદન શ્રી મોહનભાઈ દાંડિકરનું કરેલું છે. જેનું પ્રકાશન આનંદ પ્રકાશન મંદિર, દાંડી દ્વારા થયેલું જેની પ્રથમ આવૃત્તિ ૧૯૯૦માં પ્રકાશિત થઈ હતી. આ પુસ્તિકાની પ્રસ્તાવના જેમણે લખેલી છે તે શ્રી અમુલખભાઈ ખીમાણીએ વિમલાજીને રૂબરૂ મળી આ પ્રવચનો બતાવ્યા હતા. આમ, વિમલાજીની ખુશી આ પ્રકાશન પાછળ સમાયેલી છે. ગાંધી વિચારનું હાર્દ ક્યાં-કયાં છુપાયેલું છે તથા મનુષ્યના વિકાસના સોપાનમાં ગાંધી ક્યાં છે તેની બહુ ઊંડાણપૂર્વક સમજ વિમલાજીએ આપી છે. તે રીતે આ મહામાનવને પોતાના તરફથી અપાયેલી અંજલિ પણ છે.

૪૪. વિમલવાણી (પ્રકાશન વર્ષ : ૧૯૯૦, ૧૯૯૧, ૧૯૯૪)

વિમલાજીના વ્યાખ્યાનો અને પ્રશ્નોત્તરીઓમાંથી કેટલાક અંશોને ચૂંટીને મૂળ હિન્દી પુસ્તિકા 'પાવક સ્ફૂલ્લિંગ' તૈયાર કરવામાં આવી હતી. આ મૂળ હિન્દી પુસ્તિકાનું સંપાદન સુશ્રી પ્રેમલતાજી શર્માએ કરેલું હતું. આ પુસ્તિકાનો ગુજરાતી અનુવાદ એટલે **'વિમલ-વાણી'**. ૭૫ પાનાઓની નાનકડી પુસ્તિકાના ગુજરાતી અનુવાદ પાછળ ભગવતીબહેન ચૌહાણનો શ્રમ રહેલો છે. જાન્યુઆરી-૧૯૯૧માં આ પુસ્તિકાની પહેલી આવૃત્તિ બહાર પડી અને અંદાજે પચાસ હજાર જેટલી પુસ્તિકાઓનું વિતરણ થયું. જીવનસાધના, સામાજિક, આર્થિક, વ્યક્તિગત વિષયો પર વિમલાજીએ આપેલા વિચારોનું આ નાનું પણ સુંદર સંકલન છે.

૪૫. મૌનની સાધના (પ્રકાશન વર્ષ : ૧૯૯૦, ૨૦૧૨)

વિમલાજીએ હૉલેન્ડમાં ૧૯૮૯ની સાલમાં મૌન શિબિરમાં વ્યાખ્યાનો આપેલા. જેના પરથી મૂળ અંગ્રેજી પુસ્તિકા Silence તૈયાર થઈ. આ પુસ્તિકામાં પ્રશ્નોત્તરી ઉપરાંત ત્રણ વ્યાખ્યાનોનો સંગ્રહ હતો. આ પુસ્તિકાનો શ્રી બાલકૃષ્ણભાઈ વૈદ્યે કરેલો ગુજરાતી અનુવાદ એટલે **'મૌનની સાધના'** પુસ્તક. તેની પ્રથમ ગુજરાતી આવૃત્તિ નવેમ્બર ૧૯૯૦માં પ્રકાશિત થઈ. વિમલાજી મૌનને અધ્યાત્મનું પ્રવેશદ્વાર કહે છે. મૌનમાં સાધક જીવન સત્તાના મૂળમાં પહોંચે છે જ્યાં જીવનની એકતાનો સ્પર્શ અનુભવાય છે. મૌનનો મહિમા આ પુસ્તક વાંચતા આપણી સમક્ષ ઊપસી આવે છે. સુધારા સાથેની બીજી આવૃત્તિના પાનાઓની સંખ્યા ૬૨ છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૪૬. જીવન સૌરભ (પ્રકાશન વર્ષ : ૧૯૯૦, ૨૦૧૨)

વિમલાજીના સાન્નિધ્યમાં નર્મદા નદીના કિનારે કેવડિયા કોલોનીમાં ફેબ્રુઆરી ૧૯૮૯માં યુવા શિબિરનું આયોજન થયું હતું. આ શિબિર દરમ્યાન મૂળ હિન્દીમાં અપાયેલા પ્રવચનોના ગુજરાતી અનુવાદનો સંગ્રહ એટલે **'જીવન સૌરભ'** પુસ્તક. શ્રી જમુભાઈ દાણીએ તેનો ગુજરાતી અનુવાદ કર્યો છે. ૧૯૯૦માં આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ પ્રકાશિત થઈ. જીવનને સાચી રીતે સમજવા સ્વશિક્ષણ જરૂરી છે. ધ્યાનમાર્ગ આમૂલાગ્ર પરિવર્તનનો માર્ગ છે. આ વિચારને કેન્દ્રમાં રાખીને કુલ છ પ્રવચનો અને ત્રણ પ્રશ્નોત્તરી થયા હતા જેને કુલ ૧૫૮ પાનાના આ પુસ્તકમાં સમાવાયા છે.

૪૭. માનવ બનો ! (પ્રકાશન વર્ષ : ૧૯૯૦, ૨૦૧૨)

વિમલાજીના સાન્નિધ્યમાં જાન્યુઆરી ૧૯૮૨માં અમરેલી જિલ્લાના દામનગર ખાતે સત્સંગ શિબિરનું આયોજન થયું હતું. આ શિબિર દરમ્યાન મૂળ હિન્દીમાં અપાયેલા પ્રવચનોનો સંગ્રહ **'માનવ બનેં !'** એ નામથી ડૉ. ઊર્મિલાબહેન શર્માએ તૈયાર કર્યો હતો. આ પુસ્તકનો શ્રી ભગવતીબહેન ચૌહાણે કરેલો ગુજરાતી અનુવાદ એટલે **'માનવ બનો'** પુસ્તક કે જેની પ્રથમ ગુજરાતી આવૃત્તિ ૧૯૯૦માં પ્રકાશિત થઈ. સુધારા સાથેની બીજી આવૃત્તિના ૧૫૦ પાનાના આ પુસ્તકમાં સાત પ્રવચનો અને બે પ્રશ્નોત્તરીઓનો સમાવેશ થયો છે. વર્તમાન સમયમાં બધા ધર્મોથી ઉપર ઊઠીને માનવધર્મને અપનાવવાનો વિચાર આ પુસ્તકમાં કેન્દ્રસ્થાને છે.

૪૮. માનવ-નિર્માણ (પ્રકાશન વર્ષ : ૧૯૯૦)

વિમલાજીએ એપ્રિલ ૧૯૯૦માં જયપુર પાસે બાસ્સીચક ગામમાં યુવાશિબિરમાં ચાર પ્રવચનો આપેલા. તેના પરથી મૂળ હિન્દીમાં આજ શીર્ષકથી પુસ્તક તૈયાર થયું. તેનો ગુજરાતી અનુવાદ શ્રી અરવિંદભાઈ દેસાઈએ કરેલો જે આ પુસ્તિકા **'માનવ-નિર્માણ'** છે. કુલ ૩૧ પાનાની આ પુસ્તિકાની પ્રથમ આવૃત્તિ ડિસેમ્બર ૧૯૯૦માં પ્રકાશિત થઈ હતી. યુગ યુગાન્તરથી માનવી પૂર્ણ માનવ બનવા મથતો રહ્યો છે. માનવતા પ્રત્યેની કૂચ પણ ચાલુ રહી છે. વિજ્ઞાને સાધનો ઝડપી અને વિસ્તૃત બનાવ્યા હોવાથી આ કૂચ વિશ્વવ્યાપી બની રહી છે. આ પરિવર્તન ભૌતિક સાધનોથી નહીં પણ માનવમાત્રમાં પડેલી સખ્ય, સહયોગ અને સહજીવનની ભાવના દ્વારા જ શકય બનશે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૪૯. બિરાદરીનું અધ્યાત્મ (પ્રકાશન વર્ષ : ૧૯૯૦)

વિમલાજી દ્વારા માર્ચ ૧૯૯૦માં માઉન્ટ આબૂ ખાતે ગુજરાત બિરાદરીના માધ્યમથી સાધકો સમક્ષ બે પ્રવચનો તથા પ્રશ્નોત્તરી થયા હતા. આ મૂળ હિન્દી પ્રવચન-પ્રશ્નોત્તરીનો શ્રી પ્રભાબહન મરચન્ટે કરેલો ગુજરાતી અનુવાદ એટલે **'બિરાદરીનું અધ્યાત્મ'** પુસ્તક. પ્રશ્નોત્તરીનું સંકલન દીપ્તિ કારીઆએ કરેલું છે. આ કુલ ૪૪ પાનાનો પુસ્તિકા છે. સમગ્ર વિશ્વ આજે ક્રાંતિમય ઝંઝાવાતમાંથી પસાર થઈ રહ્યું છે. આજે દિશા આપવાનું જરૂરી છે. આ માટે વ્યક્તિ ચેતનામાં પરિવર્તન લાવવું જરૂરી છે. આ જ બિરાદરીનું અધ્યાત્મ છે.

૫૦. દેવતાત્માની પ્રસાદી (પ્રકાશન વર્ષ : ૧૯૯૦, ૨૦૦૫)

વિમલાજીએ ડેલહૌસીમાં મે-જૂન, ૧૯૮૯ દરમ્યાન સત્સંગ સત્રો લીધેલા. આ દરમ્યાન મૂળ હિન્દીમાં અપાયેલા પ્રવચનોનું ગુજરાતીમાં સુશ્રી પ્રભાબહેન મર્ચન્ટે કરેલું સંપાદન એટલે **'દેવતાત્માની પ્રસાદી'** પુસ્તક. કુલ ૧૦૦ પાનાના આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ ૧૯૯૦માં અને બીજી આવૃત્તિ ૨૦૦૫માં પ્રકાશિત થઈ. અલગ-અલગ સત્સંગ સત્રોમાં વિમલાજી વિજ્ઞાન અને પ્રજ્ઞાન શબ્દોનો અર્થ ખોલીને સમજાવે છે. પુંરુષ અને પુરુષાર્થ શબ્દ કેવી રીતે બન્યો તેનો અર્થ ઉદ્‌ઘાટિત કરે છે, ઋગ્વેદના મંત્રને પણ સમજાવે છે. બાળકનું લાલન-પાલન કરતાં સ્વશિક્ષણ કેવી રીતે થાય તે સમજાવે છે. અંતિમ કર્મ મૃત્યુ સાથેના મિલનનું શિક્ષણ મનુષ્ય કેવી રીતે લે તે પણ સમજાવે છે તથા સાચો સત્સંગી કોને કહેવાય તે સમાધાનપૂર્વક સમજાવે છે.

૫૧. ખડસલીને આંગણે સત્સંગ-ઉજાણી (પ્રકાશન વર્ષ : ૧૯૯૧)

વિમલાજીએ ભાવનગર જિલ્લાના સાવરકુંડલા તાલુકામાં આવેલા ખડસલી ગામમાં આવેલી લોકશાળાના આંગણે સપ્ટેમ્બર ૧૯૯૧માં હિન્દી તથા ગુજરાતી બન્ને ભાષાઓમાં પ્રવચનો આપેલા. આ સ્નેહ સંવાદનું શ્રી પ્રભાબહન મર્ચન્ટે કરેલું સંકલન એટલે **'ખડસલીને આંગણે સત્સંગ ઉજાણી'** પુસ્તિકા. કુલ ૪૯ પાનાના આ પુસ્તિકાની પ્રથમ આવૃત્તિ ૧૯૯૧માં પ્રકાશિત થઈ. આ પુસ્તિકામાં પ્રશ્નોત્તરી ઉપરાંત સમગ્ર સાવરકુંડલા તાલુકાના પ્રજાજનો ''પૂનમ મિલન'' માટે મળતા ત્યારે અપાયેલું પ્રવચન પણ સામેલ છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૫૨. સત્તાની સમસ્યા, રાષ્ટ્રીય એકતા અને આપણો યુગધર્મ (પ્રકાશન વર્ષ : ૧૯૯૧)

વિમલાજીએ રાષ્ટ્રીય એકતા પરિષદની ગોષ્ઠિના પ્રતિભાવ રૂપે વ્યક્ત કરેલું ચિંતન આઠ પાનાની પુસ્તિકા રૂપે તૈયાર થયું અને નામ અપાયું **'સત્તાની સમસ્યા, રાષ્ટ્રીય એકતા અને આપણો યુગધર્મ'**. ગુજરાત બિરાદરી દ્વારા આ પુસ્તિકાની પહેલી આવૃત્તિ જૂન ૧૯૯૧માં પ્રકાશિત કરવામાં આવી. રાષ્ટ્રનું નિર્માણ તેમાં પ્રવૃત્ત રચનાત્મક કાર્યકરો દ્વારા થશે, રાજનીતિને ધંધાદારી રાજનીતિજ્ઞોને ભરોસે છોડી શકાય નહીં. રાજ્યશક્તિ અને લોકશક્તિના મિલન બિંદુની શોધ આ પુસ્તિકાનો સ્થાયી ભાવ છે.

૫૩. માર્ગદર્શિકા (પ્રકાશન વર્ષ : ૧૯૯૧, ૧૯૯૪)

વિમલાજીએ જુલાઈ ૧૯૯૧માં આબૂ પર્વત ખાતે 'ગુજરાત બિરાદરી' તથા 'સરદાર પટેલ સોશ્યલ ગ્રુપ ફેડરેશન' દ્વારા આયોજિત અભિનવ નેતૃત્વ નિર્માણ શિબિરમાં આપેલા કુલ ચાર પ્રવચનોનો સંગ્રહ એટલે **'માર્ગદર્શિકા'** પુસ્તક. તેનો અનુવાદ, સંપાદન, સંકલન સુશ્રી પ્રભાબહેન મરચન્ટ તથા ભગવતીબહેન ચૌહાણના છે. અત્યાર સુધીમાં તેની બે આવૃત્તિઓ થઈ છે. ૭૮ પાનાના આ પુસ્તકમાં નવો મનુષ્ય, નવો સમાજ કેવી રીતે ઊભો થાય તેની નિશ્ચિત કાર્યદિશા અપાઈ છે. આ માટે આનુષંગિક વૈચારિક પૂરવણી પણ અપાઈ છે.

૫૪. અયોધ્યા-પડકાર (પ્રકાશન વર્ષ : ૧૯૯૨)

વિમલાજી દ્વારા ૧૯૯૨ અયોધ્યા હલચલને કેન્દ્રમાં રાખી લખાયેલા મૂળ અંગ્રેજી પુસ્તક 'Ayodhya Challenge' નો શ્રી ભગવતીબહેન ચૌહાણે કરેલો ગુજરાતી અનુવાદ એટલે **'અયોધ્યા-પડકાર'** પુસ્તિકા. કુલ ૨૦ પાનાની આ પુસ્તિકાની પ્રથમ આવૃત્તિ ૧૯૯૮માં પ્રકાશિત થઈ જેનું પ્રકાશન સ્વયં વિમલાજીએ કરેલું. પુસ્તિકામાં ત્રણ લેખો ઉપરાંત શ્રી રાધાકૃષ્ણ બજાજે વિમલાજીને પૂછેલા ૧૨ પ્રશ્નોનો વિમલાજીના જવાબો સાથે અહીં સમાવેશ છે. આ પુસ્તિકાનું વિતરણ સમગ્ર ભારતમાં થયું અને વૈચારિક સ્પષ્ટતા માટે ઘણું ઉપયોગી નીવડ્યું હતું.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૫૫. બિરાદરી એટલે શું ? (પ્રકાશન વર્ષ : ૧૯૯૨)

ગુજરાત બિરાદરીની સંકલ્પના સાકાર થયા પછી વિમલાજી દ્વારા બિરાદરોને કેન્દ્રમાં રાખી અલગ અલગ સ્થળે અને સમયે કહેવાયેલી વાતોનું ૧૬ પાનાઓમાં થયેલું ચોટડૂક સંકલન એટલે **'બિરાદરી એટલે શું ?'** પુસ્તિકા. જેનું પ્રકાશન ૧૯૯૨માં થયેલું. અહીં પ્રવચનોનું સંકલન નથી પરંતુ અલગ અલગ શીર્ષકો આપીને બિરાદરો માટેની જીવનસંહિતાનું વર્ણન છે.

૫૬. ભારત - મૂલ્યનિષ્ઠાની એરણે (પ્રકાશન વર્ષ : ૧૯૯૧)

વિમલાજી દ્વારા ૧૯૯૩માં ભારતદેશની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને લખાયેલા જુદા જુદા આઠ લેખોનો ગુજરાતી અનુવાદ એટલે **'ભારત – મૂલ્યનિષ્ઠાની એરણે'** પુસ્તિકા. કુલ ૨૮ પાનાની આ પુસ્તિકાની પ્રથમ આવૃત્તિ એપ્રિલ ૧૯૯૩માં પ્રકાશિત થઈ જેનો ગુજરાતી અનુવાદ સુશ્રી ભગવતીબહેન ચૌહાણે કરેલો હતો અને પ્રકાશન સ્વયં વિમલાજીનું હતું. ભારત દેશમાં આવતા નવા પ્રવાહોને એક દિશામાં વાળવાના સક્રિય પ્રયાસોના સાર રૂપ આ લેખો લખાયા છે. આ પુસ્તકને સ્નેહીઓ, સ્વજનો સુધી પહોંચાડવાનો વિમલાજીનો શ્રમ એક વિરલ ઘટના હતી !

૫૭. માતૃશક્તિ (પ્રકાશન વર્ષ : ૧૯૯૪)

વિમલાજીએ કસ્તુરબા સ્મારક ટ્રસ્ટના ઉપક્રમે ફેબ્રુઆરી ૧૯૯૨માં આપેલા મૂળ હિન્દી પ્રવચનોનો સુશ્રી જ્યોત્સનાબહેન શેઠે કરેલો ગુજરાતી અનુવાદ એટલે **'માતૃશક્તિ'** પુસ્તિકા. કુલ ૩૦ પાનાની આ પુસ્તિકાની પ્રથમ આવૃત્તિ એપ્રિલ ૧૯૯૩માં પ્રકાશિત થઈ. કુલ બે પ્રવચનોનો અહીં સમાવેશ છે. માતૃશક્તિ એ ન તો મહિલાની શક્તિ કહી શકાય, ન તો પુરુષની. એ સર્જન, ભરણ, પોષણ, ધારણ કરનારી પરમાત્માની કરુણાશક્તિ છે. માનવીય સંબંધોમાં આ શક્તિને કઈ રીતે વહાવવી તેની પ્રેરણા આ પુસ્તિકામાંથી વાચકને મળી રહે છે.

. Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૫૮.-૫૯. સંત જ્ઞાનેશ્વરનો પંચમ પુરુષાર્થ પ્રદિપ ભાગ ૧, ૨ (પ્રકાશન વર્ષ : ૧૯૯૩)

વિમલાજીએ ઈ.સ. ૧૯૭૯ના ફેબ્રુઆરી–માર્ચમાં અમદાવાદમાં સંત જ્ઞાનેશ્વરની વાણી ''શ્રીજ્ઞાનેશ્વરી''નું પારાયણ કર્યું હતું. આ પારાયણ અઢારમાં અધ્યાયની ઓવીઓ પર કેન્દ્રિત હતું જેના કુલ ત્રીસ પ્રવચનો ત્રીસ દિવસ સુધી ચાલ્યા. પ્રભાબહેન મર્ચન્ટે ઈ.સ. ૧૯૮૯માં પોતાના સ્વાધ્યાય માટે સાંભળવાનું શરૂ કર્યું અને સંકલન–સંપાદન કરી લિપિબદ્ધ કર્યું જેને નામ અપાયું **'સંત જ્ઞાનેશ્વરનો પંચમ પુરુષાર્થ પ્રદિપ'**. આ પ્રવચનો ભાગ–૧ (૩૨૯ પાનાઓ) અને ભાગ–૨ (૩૪૨ પાનાઓ) એમ મળીને બે ખંડોમાં એક સાથે પ્રથમ આવૃત્તિ રૂપે ૧૯૯૩માં પ્રકાશિત થયા. પાંચ હજાર વર્ષો પહેલાં શ્રી કૃષ્ણે જે વાણી વહાવી તેના પર વર્ષોની ધૂળ જમા થઈ અને જ્ઞાનેશ્વર મહારાજે આઠસો વર્ષ પહેલા એ ધૂળને ખંખેરી પોતાનો જીવન રસ સીંચી નવી તાજગી બક્ષી. વિમલાજીએ વર્તમાનમાં આ સમગ્ર કાલખંડના અંતરને દૂર કરી એ વાણીના તેજને ઝળાહળાં કર્યું. વાચકો આ વાણીમાં ભીંજાઈને પોતાના હૃદયાકાશમાં અજવાળું અનુભવે એવી અભિવ્યક્તિ આ પુસ્તકમાં સંગ્રહાયેલી છે.

૬૦. વિમલા ઠકારની જીવનવાણી (પ્રકાશન વર્ષ : ૧૯૯૪)

વિમલાજીના વિચારો વિશે કોઈ શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસક્રમ તૈયાર કરવાનો હોય તો તેને અનુરૂપ પાઠ્યપુસ્તક કેવું હોય તેનો નમૂનો એટલે **'વિમલા ઠકારની જીવનવાણી'**. શ્રી બબાભાઈ પટેલ દ્વારા તૈયાર થયેલું આ પુસ્તક વિમલ જીવન દર્શનને શબ્દબદ્ધ કરવાનો પ્રથમ પ્રયાસ હતો. કુલ ૧૭૨ પાનાના આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ ૧૯૯૪માં પ્રકાશિત થઈ, જેમાં જીવનદર્શનના વિવિધ પાસાંઓને આગવી ઢબે મૂકાયા છે. વિમલ જીવનદર્શનને ક્રમબદ્ધ રીતે મૂકવાનો આ પ્રયાસ વાચકને સરળતાથી સમજવામાં મદદ કરે છે.

૬૧. થાઓ રે સાબદા ! ઘડી અણીની આવી રે (પ્રકાશન વર્ષ : ૧૯૯૪)

વિમલાજીએ માધવપુરની મધુભૂમિમાં ૧૯૯૪ના ડિસેમ્બર માસમાં જામનગરના શ્રી કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહના કાર્યકર જૂથોને સંબોધન કર્યું હતું. આ ત્રિદિવસીય ગોષ્ઠીનું સાર સંકલન એટલે **'થાઓ રે સાબદા ! ઘડી અણીની આવી રે'** પુસ્તક. કુલ ૭૮ પાનાના આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ ૧૯૯૨માં પ્રકાશિત થઈ. વ્યક્તિગત જીવનના ગુણવિકાસની ભૂમિકાના વિવિધ તબક્કાઓ સ્પષ્ટ કરતા ત્રણ વાર્તાલાપો અહીં સંગ્રહાયા છે. પ્રશ્નોત્તરીમાં સામાજિક જીવનના વિવિધ પ્રશ્નોની છણાવટ થઈ છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૬૨. ગુજરાતમાં જાગૃત જનતાનો અભિનવ પુરુષાર્થ (પ્રકાશન વર્ષ : ૧૯૯૪)

વિમલાજીએ ૧૯૯૪ના ડિસેમ્બર માસમાં જૂનાગઢ ખાતે અભિનવ ભારત ફાઉન્ડેશનના ઉપક્રમે યોજાયેલાં સંમેલનમાં આપેલાં પ્રવચનોનો સંગ્રહ એટલે **'ગુજરાતમાં જાગૃત જનતાનો અભિનવ પુરુષાર્થ'** પુસ્તિકા. મૂળ હિન્દી પ્રવચનો પરથી સંકલન અને અનુવાદ શ્રી જ્યોત્સનાબહેન શેઠના કરેલા છે. કુલ ૩૫ પાનાઓની આ પુસ્તિકાનું પ્રથમ સંસ્કરણ ૧૯૯૪માં પ્રકાશિત થયું હતું. તે વખતે તેની ૧૦,૦૦૦ નકલો તૈયાર કરી ગુજરાતના ગામડે-ગામડે, શહેર-શહેરમાં પહોંચાડાઈ હતી. કુલ બે દિવસોના મળીને બે પ્રવચનોમાં સમાજ પરિવર્તનનનું સાહસ રાખનારા સમૂહને પ્રેરક સંબોધન થયું છે. આ તપપૂત વાણીનો સ્પર્શ ચેતનાને થયા વગર રહેતો નથી.

૬૩. ગ્રામસ્વરાજનું હાર્દ (પ્રકાશન વર્ષ : ૧૯૯૪)

વિમલાજીએ અલગ અલગ સ્થળે અને સમયે ગ્રામ સમાજને કેન્દ્રમાં રાખીને આપેલા કુલ પાંચ પ્રવચનોનો સાર સંગ્રહ એટલે **'ગ્રામ સ્વરાજ્યનું હાર્દ'** પુસ્તિકા. આ પુસ્તિકાની પ્રથમ આવૃત્તિ ૧૯૯૪માં પ્રકાશિત થઈ. કુલ ૩૮ પાનાની આ પુસ્તિકાનું સંકલન ડો. પ્રફુલ્લભાઈ દવેએ કરેલું છે. માનવ ચેતના ગ્રામાભિમુખ કઈ રીતે બની શકે તેની સુરેખ રજૂઆત આ પુસ્તિકામાં જોવા મળે છે.

૬૪. પાથેય (પ્રકાશન વર્ષ : ૧૯૯૪)

વિમલાજીએ "શિવકુટી" માઉન્ટ આબૂ ખાતે ૧૯૯૪માં આપેલા પ્રવચનોનું સંકલન એટલે **"પાથેય"**. પુસ્તિકા. કુલ ૭૦ પાનાની આ પુસ્તિકાનું સંકલન અને અનુવાદ શ્રી પ્રભાબહેન મરચન્ટના કરેલા છે. ભાવિ સમાજ પરિવર્તનનો માર્ગ બતાવતાં તથા માનવ અને માનવીય સંસ્કૃતિના નિર્માણને કેન્દ્રમાં રાખીને અપાયેલા આ પ્રવચનો માનવીય ચેતનામાં ચિનગારી જગાવે છે. અભિનવ ભારત ફાઉન્ડેશન દ્વારા પ્રકાશિત આ પુસ્તિકા ગ્રામસ્વરાજ્ય તરફ આગળ વધવા મથતા લોકો માટે પ્રેરક ભૂમિકા ભજવે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૬૫. નારી બને નારાયણી (પ્રકાશન વર્ષ : ૧૯૯૪)

વિમલાજીએ ડિસેમ્બર ૧૯૯૩માં રાજકોટમાં ''વિમલ સૌરભ'' ભવન ખાતે મહિલા શક્તિ સંમેલનમાં આપેલ પ્રવચનોનો સંગ્રહ એટલે **'નારી બને નારાયણી'** પુસ્તિકા. મૂળ હિન્દીમાં અપાયેલા પ્રવચનો પરથી આ પુસ્તિકાનું સંપાદન અને અનુવાદ ડૉ. નિષ્ઠાબહેન વેકરિયાના કરેલા છે. કુલ ૮૫ પાનાના આ પુસ્તકમાં ત્રણ પ્રવચનો ઉપરાંત ભાવિ સમાજ રચનાને કેન્દ્રમાં રાખીને વિમલાજીએ વિવિધ સ્થળે આપેલા પ્રવચનોમાંથી ચૂંટીને નાના-નાના લેખો મુકેલા છે. અભિનવ ભારત ફાઉન્ડેશન દ્વારા પ્રકાશિત આ પુસ્તક સ્ત્રીશક્તિના નિર્ણાયક પ્રયોગનું એક પ્રજ્જ્વલિત સ્વરૂપ છે.

૬૬. વિમલપથે જીવનયાત્રા (પ્રકાશન વર્ષ : ૧૯૯૫)

વિમલાજીએ તેઓના સ્વજનો ચંદ્રાબહેન અને વસુભાઈ પારેખ પર ૧૯૬૩ થી ૧૯૯૪ સુધી લખેલા પત્રોનું સંપાદન એટલે **'વિમલપથે જીવનયાત્રા'**. ૧૭૦ પાનાઓનાં આ પુસ્તકનું પ્રકાશન ૧૯૯૫માં થયું. આ પુસ્તકનું આશિર્વચન શ્રી મકરંદભાઈ દવેનું લખેલું છે. આ પત્રોના સંપાદનમાં અંગત ઉલ્લેખોને એક તરફ રાખીને જીવનને સ્પર્શતી બાજુ, આત્મસાધના માટે ઉપયોગી વાતોને સમાજ સમક્ષ આવી છે. ગુજરાતી-હિન્દી પત્રોનું ભાષાંતર અહીં સમાવાયું છે. અંગ્રેજી પત્રોનો અહીં સમાવેશ થયો નથી. આ પુસ્તકનું સંપાદન બાબુભાઈ શાહ અને યોગિનીબહેન મજમુદારનું છે.

૬૭. શ્રી જ્ઞાનેશ્વરીમાં વિશ્વરૂપદર્શનયોગ (પ્રકાશન વર્ષ : ૧૯૯૫)

વિમલાજીએ બે તબક્કાઓમાં ૧૯૭૧ અને ૧૯૯૫માં માઉન્ટ આબૂ ખાતે શ્રી જ્ઞાનેશ્વરી ગીતાના અગિયારમા અધ્યાયનું પારાયણ કરેલું. તેનું પુસ્તક આકારે શ્રી પ્રભાબહેન મરચન્ટે કરેલું સંપાદન એટલે **'શ્રી જ્ઞાનેશ્વરી વિશ્વરૂપદર્શનયોગ'** પુસ્તક. વિમલ પ્રકાશન ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત આ પુસ્તક પ્રથમ આવૃત્તિ ૧૯૯૫માં પ્રકાશિત થઈ. કુલ ૧૮૩ પાનાઓના આ પુસ્તકની પ્રસ્તાવના શ્રી બાલકૃષ્ણભાઈ વૈદ્યની લખેલી છે. વિમલ વાણીમાં પડઘાયેલી જ્ઞાનેશ્વરીના આ વ્યાખ્યાનો વિશ્વરૂપ દર્શનના પ્રયાગતીર્થની ભવ્યતાનો વાચક સમક્ષ ઉઘાડ કરે છે અને મૂળ વ્યાખ્યાનો વિમલ વાણીમાં સાંભળવાની ઉત્કંઠા વધારે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૬૮. વિમલ સંસ્મરણો (પ્રકાશન વર્ષ : ૧૯૯૫)

વિમલાજીના જીવન સાથે પ્રત્યક્ષ રીતે જોડાયેલા પ્રભાબહેન મરચન્ટે પોતાના સ્મરણો લખ્યા. આ સંસ્મરણો ૧૯૯૫માં પુસ્તક આકારે છપાયા જેને નામ અપાયું **'વિમલ સંસ્મરણો'**. કુલ ૩૭૮ પાનાઓ ઉપરાંત ફોટોગ્રાફથી સભર આ પુસ્તક વિમલાજીની જીવનચર્યામાં ડોકિયું કરવાનો પ્રથમ પ્રયત્ન હતો. વિમલાજીના જીવનચરિત્રો ત્યાર પછી લખાયા. પોતાની અસામાન્યતાને સામાન્યતાનાં અંચળામાં છૂપાવીને જીવતી વિભૂતિનો પરિચય આ પુસ્તકમાં જુદી જ રીતે મળે છે. અહીં ક્રમબદ્ધ લખાણ નથી. પરંતુ સ્મૃતિના ક્રમમાં લખાયેલા સ્મરણો છે. રજૂઆતની શૈલી એવી તો રસાળ છે કે એક બેઠકે વાંચી લઈએ !

૬૯. અપ્રમાદયોગ (પ્રકાશન વર્ષ : ૧૯૯૬)

વિમલાજીએ શ્રીમદ્ રાજચંદ્ર વિશે ૧૯૭૩ના પર્યુષણ દરમ્યાન વાર્તાલાપો આપેલા. મૂળ અંગ્રેજી ભાષાના આ વાર્તાલાપોનો શ્રી બચુભાઈ સુતરિયા અને શ્રી બાલકૃષ્ણ વૈદ્યે કરેલો ગુજરાતી અનુવાદ એટલે **'અપ્રમાદયોગ'** પુસ્તક. આ પુસ્તક મૂળ અંગ્રેજીમાં 'The Yoga of Science'ના નામે પ્રકાશિત થયું હતું, જેનો અનુવાદ ૧૯૯૬માં પ્રકાશિત થયો. આ પુસ્તકના કુલ ૭૨ પાનાઓ છે. જાગૃત ચેતનાનો જીવન વ્યવહાર કેવો હોય તેનું વિશદ્ વર્ણન જ્યારે તે સ્વયં કરે તે વાંચવું રોમહર્ષક હોય છે તેવું આ પુસ્તક વાંચતા અનુભવાય છે.

૭૦-૭૧. આતમ ગોઠડી ભાગ-૧ અને ભાગ-૨ (પ્રકાશન વર્ષ : ૧૯૯૬)

વિમલાજી દ્વારા જીવન સાધકોને સંબોધીને અને એ રીતે સમગ્ર માનવ જાત માટે અગણિત પત્રો લખાયા છે. આ પત્રોમાંથી અંગત ઉલ્લેખોને કાઢી નાખીને જીવન સાધના માટે ઉપયોગી લખાણોને તારવીને તૈયાર થયેલા બે પુસ્તકો એટલે **'આતમ ગોઠડી' ભાગ-૧** અને **'આતમ ગોઠડી' ભાગ-૨**. આ બન્ને પુસ્તકોનું સંકલન શ્રી પ્રભાબહેન મરચન્ટનું કરેલું છે. પ્રથમ ભાગના કુલ ૧૬૪ પાનાઓ છે જેનું પ્રકાશન ૧૯૯૬માં થયેલું છે. જ્યારે બીજા ભાગના કુલ ૭૦ પાનાઓ છે અને તેનું પ્રકાશન પણ ૧૯૯૬માં થયેલું છે. પ્રથમ પત્રમાં ૧૯૭૩ની સાલ લખાયેલી છે જ્યારે ભાગ-૨માં સમાવાયેલા અંતિમ પત્રમાં ૧૯૯૬ની સાલ છે. આમ, લગભગ ૨૩ વર્ષોના પત્રોમાંથી ચુંટેલા આ પત્રો મનુષ્યને ઢંઢોળે છે, શબ્દો હૈયા સોંસરવા ઉતરે છે અને આત્માને અજવાળે, સમજણના સાથમાં વાચકને ઊભા રાખે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૭૨. માનવીય ક્રાન્તિ રાહ જુએ છે (પ્રકાશન વર્ષ : ૧૯૯૬)

વિમલાજી પોતાના જીવનમાં સાંપ્રત પરિસ્થિતિ વિષે ચિંતન કરતાં રહ્યાં. લેખોના સ્વરૂપમાં આ ચિંતન રાષ્ટ્રીય સ્તરે અલગ અલગ દૈનિકો, સામયિકોમાં છપાતાં રહ્યાં. ૧૯૭૮ થી ૧૯૯૫ દરમ્યાનના આ લેખોને એક્ઠાં કરીને તૈયાર કરાયેલું પુસ્તક એટલે **'માનવીય ક્રાન્તિ રાહ જુએ છે'**. શ્રી ભગવતીબહેન ચૌહાણ અને શ્રી જ્યોત્સનાબહેન શેઠ દ્વારા સંપાદિત ૧૮૮ પાનાના આ પુસ્તકની પહેલી આવૃત્તિ ૧૯૯૬માં પ્રકાશિત થઈ. અહીં કુલ ૫૩ લેખો છે, જેમાં વિમલાજીએ સેવેલી દેશ પ્રત્યેની ચિંતા અને માનવીય સંવેદનશીલતાના આપણને દર્શન થાય છે.

૭૩. મન સાથે મૈત્રી (પ્રકાશન વર્ષ : ૧૯૯૬, ૨૦૦૦, ૨૦૦૬, ૨૦૧૧)

વિમલાજીએ ઈ.સ. ૧૯૬૭માં અમદાવાદ, આજોલ અને મુંબઈ એમ અલગ અલગ સ્થળ અને સમયે આપેલા વ્યાખ્યાનો અને પ્રશ્નોત્તરી પરથી તૈયાર થયું પુસ્તક 'मन के उस पार'. આ પુસ્તકનો શ્રી અરવિંદભાઈ દેસાઈએ કરેલો ગુજરાતી ભાવાનુવાદ એટલે **'મન સાથે મૈત્રી'** પુસ્તક. કુલ ૧૬૦ પાનાના આ પુસ્તકની પહેલી આવૃત્તિ ઈ.સ. ૧૯૯૬માં પ્રકાશિત થઈ અને ૨૦૧૧ સુધીમાં તેની પાંચ આવૃત્તિઓ થઈ છે. આ પુસ્તક વાચકને મન સાથે કેવી રીતે વર્તવું તે વિશે વિમલાજીના દૃષ્ટિબિંદુનો ખ્યાલ આપે છે. આ સચોટ વાણી હૈયા સોંસરવી ઉતરે છે.

૭૪. જીવનયોગ વિશેષાંક અધ્યાય-૧૨ (પ્રકાશન વર્ષ : ૧૯૮૬)

જુઓ ક્રમ નંબર ૯૦

---

૭૫. જીવનયોગ વિશેષાંક અધ્યાય-૨ (પ્રકાશન વર્ષ : ૧૯૮૭)

જુઓ ક્રમ નંબર ૧૧૮

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૭૬. જીવનસાધકની વિમલયાત્રા (પ્રકાશન વર્ષ : ૧૯૯૭)

વિમલાજીના જીવન, કાર્ય અને પ્રબોધનને શબ્દબદ્ધ કરતું આ પુસ્તક ૧૯૯૭માં પ્રકાશિત થયું. લગભગ આઠસો પાનામાં ફેલાયેલા આ દળદાર પુસ્તકનું લેખન શ્રી વિષ્ણુભાઈ પંડ્યાએ કર્યું છે. આ પુસ્તકની પ્રસ્તાવના શ્રદ્ધેય આચાર્ય રામમૂર્તિજીની લખેલી છે. અહીં ફોટોગ્રાફ્સ છે, સ્વયં વિમલાજીના હસ્તાક્ષર છે, કાવ્યો છે, પત્રો છે; અભ્યાસથી ભરપૂર પરિશિષ્ટ પણ છે. કુલ ૨૫ વિભાગોમાં વહેંચાયેલું આ પુસ્તક વિમલ જીવનને સમજવાનો અને જાણવાનો માર્ગ ખોલી આપે છે. આ મહાગ્રંથ વિમલાજીવનનો અભ્યાસ કરવા ઈચ્છતા લોકો માટે અત્યંત મહત્ત્વનું અને દ્વિવાદાંડી રૂપ નીવડ્યો છે.

૭૭. સહિયારો સત્સંગ (પ્રકાશન વર્ષ : ૧૯૯૭)

વિમલાજી સાથે અલગ અલગ સ્થળ અને સમયે પ્રશ્નોત્તરી થયેલી તેનું સાર સંકલન એટલે **"સહિયારો સત્સંગ"** પુસ્તક. જેનું સંપાદન પ્રભાબહેન મરચન્ટનું કરેલું છે. કુલ ૨૩૪ પાનાના આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ ૧૯૯૭માં થઈ. વિશાળ ફલકને આવરી લેતા પ્રશ્નો અને તેના ઊંડાણથી અપાયેલા જવાબો વ્યક્તિને મૂળમાંથી પરિવર્તન તરફ પ્રેરે છે. અહીં કોઈ ચોક્કસ ક્રમ નથી, વિષય નથી એટલે જ જે પ્રશ્ન વાંચવામાં આવે તે અદ્વિતીય બની રહે છે.

૭૮. લોકતંત્રની મૂલ્યરક્ષા (પ્રકાશન વર્ષ : ૧૯૯૮)

વિમલાજીએ ઈ.સ. ૧૯૯૬ થી ઈ.સ. ૧૯૯૭ દરમ્યાન અલગ અલગ સમયે અને સ્થળે આપેલા પ્રવચનો અથવા લખેલા ચિંતન લેખોનો સાર સંગ્રહ એટલે **'લોકતંત્રની મૂલ્યરક્ષા'** પુસ્તિકા. કુલ ૩૨ પાનાના આ સંગ્રહની પ્રથમ આવૃત્તિ જાન્યુઆરી ૧૯૯૮માં પ્રકાશિત થઈ. વિમલાજી અધ્યાત્મને સમગ્ર જીવનનું સમાવેશક કહેતા રહ્યા અને પરિસ્થિતિના સંદર્ભમાં ચિંતન રજૂ કરતા રહ્યા. રાજકારણ તેઓ માટે સુગનો વિષય શા માટે ન હતો તે પણ અહીં સમજાવ્યું છે. આ લેખોના અનુવાદો શ્રી અરવિંદભાઈ દેસાઈ, શ્રી પ્રફુલ્લભાઈ દવે અને શ્રી ભગવતીબહેનનાં કરેલા છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૭૯. સુશ્રી વિમલાજીનું સમગ્ર જીવનદર્શન (પ્રકાશન વર્ષ : ૧૯૯૮, ૨૦૧૦)

વિમલાજીને નોર્વેથી આવેલા જિજ્ઞાસુ મિત્રોએ પ્રશ્ન પૂછેલો તેનાં ઉત્તરમાં અપાયેલું પ્રવચન પુસ્તિકા રૂપે આવ્યું જેને નામ અપાયું **'સુશ્રી વિમલાજીનું સમગ્ર જીવનદર્શન'**. મૂળ અંગ્રેજીમાં અપાયેલા પ્રવચનનો સંગ્રહ શ્રી કેસર ઈરાનીએ કરેલો હતો તેનો ગુજરાતી અનુવાદ શ્રી બાલકૃષ્ણભાઈ દવેનો કરેલો છે. કુલ ૨૮ પાનાની આ પુસ્તિકાની પ્રથમ આવૃત્તિ જુલાઈ ૧૯૯૮માં પ્રકાશિત થઈ. વિમલાજીએ અધ્યાત્મનાં ક્ષેત્રમાં ક્રાંતિકારી અર્થઘટનો આપ્યાં છે. જડ અને ચેતન વચ્ચેનો ભેદ ઉડાવીને તેઓ જીવનને એકરસ અખંડ કહ્યું છે. તેઓએ ઈશ્વર વિશેની પ્રાચીન કલ્પના ઉડાડી અને સ્વયંભૂ, સ્વયંસંચાલિત એવી વૈશ્વિક શક્તિ રૂપે જીવનની પ્રતિષ્ઠા કરી છે.

૮૦. મધુવનમાં સત્સંગ (પ્રકાશન વર્ષ : ૧૯૯૮)

વિમલાજીએ ઈ.સ. ૧૯૯૭માં માધવપુર ખાતે નિવાસ કર્યો ત્યારે તેમને પૂછવામાં આવેલા પ્રશ્નોના ઉત્તરો શ્રી પ્રભાબહેન મરચન્ટે લિપિબદ્ધ કર્યા હતા અને પુસ્તકને નામ અપાયું **'મધુવનમાં સત્સંગ'**. કુલ ૮૦ પાનાના આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ ૧૯૯૮માં પ્રકાશિત થઈ. આ પુસ્તકમાં સમાવાયેલા પ્રશ્નોમાં વિવિધતા છે પરંતુ ઉત્તરમાં મૂળગામી દૃષ્ટિ એક જ છે. આ વાર્તાલાપ માનવીનાં જીવનની અનેક છટાઓને આપણી સમક્ષ ખોલે છે.

૮૧. રૈકીના શિક્ષકો સાથે સંવાદ (પ્રકાશન વર્ષ : ૧૯૯૮)

વિમલાજી સાથે ભારત દેશની પ્રાચીન રયિ વિદ્યા કે જેનું આધુનિક નામ રૈકી છે તેના ચિકિત્સા પદ્ધતિના શિક્ષકોનો સંવાદ થયો હતો. ઈ.સ. ૧૯૯૬ના એપ્રિલ અને નવેમ્બર માસમાં બે વખત યોજાયેલા આ સંવાદ પરથી તૈયાર થયું પુસ્તક **'રૈકીના શિક્ષકો સાથે સંવાદ'**. કુલ ૧૯૨ પાનાઓના આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ ૧૯૯૮માં પ્રકાશિત થઈ. આ પુસ્તકમાં વાર્તાલાપ છે અને પ્રશ્નોત્તરી પણ છે. મૂળ હિન્દી પ્રવચનો પરથી ગુજરાતીમાં સંપાદન કાર્ય શ્રી પ્રભાબહેન મરચન્ટે કરેલું છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૮૨. અધ્યાત્મનો આયામ (પ્રકાશન વર્ષ : ૧૯૯૮, ૧૯૯૯)

વિમલાજી માધવપુરની મધુભૂમિ પર જિજ્ઞાસુઓની ચાહનાને કારણે ખેંચાઈ આવતા. આવી જ એક મુલાકાત દરમ્યાન ઈ.સ. ૧૯૯૫માં તેઓ સાથે શ્રી તાવરિયાજીના ચાહકોએ પ્રશ્નોના માધ્યમથી સંવાદ કર્યો હતો. આ પ્રશ્નોત્તરી પરથી શ્રી પ્રભાબહેન મરચન્ટે તૈયાર કરેલું પુસ્તક એટલે **'અધ્યાત્મનો આયામ'**. કુલ ૧૦૮ પાનાના આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ ૧૯૯૯માં પ્રકાશિત થઈ. પ્રશ્નોની વિવિધતા અને ઉત્તરોનું ઊંડાણ વાચકને ઊંડા સમુદ્રમાંથી મોતી શોધતાં હોય તેવી અનુભૂતિ કરાવે છે. વિમલાજીના હસ્તાક્ષરમાં લખાયેલા કાવ્યો આ પુસ્તકની મહત્તામાં વધારો કરે છે.

૮૩. યોગ આનંદ પર્વ (પ્રકાશન વર્ષ : ૧૯૯૯)

વિમલાજીએ ઈ.સ. ૧૯૯૮ની સાલમાં ગાંધીનગર જિલ્લામાં આવેલા આજોલ ગામમાં 'સંસ્કારતીર્થ'માં થોડો સમય વિદ્યાર્થીઓ સાથે વિતાવ્યો. આ સમયે તેઓએ જે સંવાદ કર્યો તેનું ગુજરાતી સંકલન પ્રભાબહેન મરચન્ટ અને યોગિનીબહેન મજમુદારે કર્યું અને એ રીતે તૈયાર થયું પુસ્તક **'યોગ આનંદ પર્વ'**. કુલ ૮૦ પાનાઓના આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ ૧૯૯૯માં પ્રકાશિત થઈ. અહીં બે પ્રવચનો અને એક પ્રશ્નોત્તરીનો સમાવેશ થયો છે. શિક્ષણ સંસ્થામાં પ્રવચનો અપાયેલા હોઈને પુસ્તકનું પ્રધાન સત્ત્વ શિક્ષણ પર જ કેન્દ્રિત થયેલું છે.

૮૪. ધ્યાનાતીત યૌગિકજીવન (પ્રકાશન વર્ષ : ૧૯૯૯)

વિમલાજીએ ઈ.સ. ૧૯૯૬ના વર્ષમાં ડેલહૌસી ખાતે યુરોપના યોગ શિક્ષકોના વર્ગો લીધેલા હતા. તેના આધારે શ્રી કૈઝર ઈરાનીએ Yoga Beyond Meditation પુસ્તક તૈયાર અંગ્રેજીમાં કર્યું. આ પુસ્તકનો શ્રી બાલકૃષ્ણભાઈ વૈદ્યે કરેલો ભાવાનુવાદ એટલે **'ધ્યાનાતીત યૌગિકજીવન'** પુસ્તક. લગભગ ૧૩૦ પાનાઓના આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ ઈ.સ. ૧૯૯૯માં પ્રકાશિત થઈ. કુલ ચાર ખંડોમાં વહેચાયેલાં આ પુસ્તકમાં વિમલાજીએ યોગસૂત્રોના પરંપરિત ભાષ્યોને બાજુ પર મૂકીને સ્વતંત્રપણે રજૂઆત કરેલી છે. વૈજ્ઞાનિક ભાષામાં રજૂ થયેલું આ ભાષ્ય એક નવું જ પરિમાણ વાચકો સમક્ષ ઉઘાડી આપે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૮૫. માનવતાની કેળવણી (પ્રકાશન વર્ષ : ૧૯૯૯)

વિમલાજી દ્વારા માધવપુર (ઘેડ) ખાતે યુવા શિબિરમાં અપાયેલાં બે પ્રવચનોનું સંકલન એટલે પુસ્તિકા **'માનવતાની કેળવણી'**. કુલ ૩૬ પાનાઓની આ પુસ્તિકાનું પ્રકાશન વર્ષ ૧૯૯૯ છે. કુલ બે પ્રવચનોના વિષયો - (૧) વ્યક્તિચેતના પરિવર્તન (૨) સમાજ પરિવર્તન-ને વિમલાજીએ બહુ જ સુંદર રીતે અને ઊંડાણપૂર્વક સમજાવ્યા છે. આ નાની-શી પુસ્તિકામાં વિમલાજીએ વ્યક્ત કરેલો યુવાનો પ્રત્યેનો પ્રેમ અને શ્રદ્ધા વારે વારે વાંચવામાં આવે છે.

૮૬. ઘટસે જીવનરસ છલકે (પ્રકાશન વર્ષ : ૨૦૦૦)

વિમલાજી દ્વારા માધવપુરની મધુભૂમિમાં ઈ.સ. ૨૦૦૦માં સત્સંગ પર્વની રસલહાણ થઈ. આ વાર્તાલાપો, વાતચીતોને શ્રી પ્રભાબહેન મરચન્ટે સંગ્રહી લીધા અને આ રીતે તૈયાર થયું પુસ્તક **'ઘટસે જીવનરસ છલકે'**. કુલ ૧૬૦ પાનાના પુસ્તકની રજૂઆત શૈલી રોજનીશી લખાતી હોય તે પ્રકારની છે. જે વાચકને આ સંવાદોના સમયકાળમાં લઈ જાય છે. પ્રત્યેક પાના પર વિમલાજીએ વહાવેલી શબ્દ ગંગામાંથી રત્નો લઈને સંગ્રહમાં મૂક્યા હોય તેવી સંજીવની છે.

૮૭. કર્મયોગનું વિજ્ઞાન (પ્રકાશન વર્ષ : ૨૦૦૦)

વિમલાજીએ ઈ.સ. ૧૯૯૩માં હૉલેન્ડ-નેધરલેન્ડના મિત્રો સાથે શ્રીમદ્ ભગવતગીતાના કર્મયોગનું સહચિંતન કરેલું હતું. આ મૂળ અંગ્રેજી વાર્તાલાપોનો શ્રી બાલકૃષ્ણભાઈ વૈદ્યે કરેલો ગુજરાતી અનુવાદ એટલે **'કર્મયોગનું વિજ્ઞાન'** પુસ્તિકા. કુલ ૨૨ પાનાઓની નાનકડી પુસ્તિકાનું ઈ.સ. ૨૦૦૦માં પ્રકાશન થયું. શ્રીકૃષ્ણ અને અર્જુન વચ્ચે થયેલા સંવાદોના સમયનું પરિબળ દૂર કરી વર્તમાનકાળમાં આ સંવાદોની ઊર્જા ભરી વિમલાજી વાણી દ્વારા આપણા તરફ વહાવે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૮૮. સઘન સ્વકેળવણી વિષે વિમલાજીનાં વ્યાખ્યાનો (પ્રકાશન વર્ષ : ૨૦૦૧)

વિમલાજી દ્વારા ઈ.સ. ૧૯૮૦ થી ૧૯૮૬ના સમયગાળા દરમિયાન ભારત તથા વિશ્વના અલગ અલગ દેશોમાં અપાયેલા અને તેમાંથી પસંદ કરાયેલા વ્યાખ્યાનો મૂળ અંગ્રેજીમાં Vimalaji on Intensive Self Educationના નામે પ્રકાશિત થયા. મૂળ અંગ્રેજી સંપાદન કૈસર ઇરાની દ્વારા હતું કે જેનો ગુજરાતી અનુવાદ ડૉ. નિર્મલા છેડાએ **'સઘન સ્વકેળવણી વિષે વિમલાજીનાં વ્યાખ્યાનો'** નામથી કર્યો. કુલ ૧૨૦ પાનાઓના આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ ઈ.સ. ૨૦૦૧માં થઈ. સ્વકેળવણી, આત્મજિજ્ઞાસા અને આત્મજ્ઞાન એવા ત્રણ વિભાગોમાં વહેંચાયેલું આ પુસ્તક અધ્યાત્મ જગતની યાત્રા પ્રથમ પગલાંથી જ વૈજ્ઞાનિક સ્વરૂપ આપવા પર ભાર મૂકે છે.

૮૯. અધ્યાત્મની અગ્નિશિખા : વિમલા ઠકાર (પ્રકાશન વર્ષ : ૨૦૦૧, ૨૦૦૮)

વિમલાજીના ગુજરાતી ભાષામાં લખાયેલા જીવન ચરિત્રોમાંહેનું આ વધુ એક પુસ્તક એટલે **'અધ્યાત્મની અગ્નિશિખા : વિમલા ઠકાર'**. કુલ ૪૬૦ પાનાઓના આ પુસ્તકનું આલેખન શ્રી તરલાબહેન દેસાઈનું છે, જેની પ્રથમ આવૃત્તિ ઈ.સ. ૨૦૦૧માં પ્રકાશિત થઈ. વિમલ જીવનની સમગ્રતાને લક્ષમાં લઈ વિગતોનું વર્ણન આ પુસ્તકમાં રસાળ રીતે થયું છે. વાચકો સુધી ભાવ પહોંચાડવા શબ્દો રસમાં ઝબકોળાઈને આવ્યા છે. વિમલાજીના ચરિત્ર આલેખન પાછળનો ભાવ વિમલાજીને પામવા કરતાં, એમને ઓળખતાં-ઓળખતાં જાતને પામવાનો રહ્યો છે એવો જ ભાવ વાચકો પણ અનુભવી શકે છે.

૯૦. મધુર અદ્વૈત (પ્રકાશન વર્ષ : ૨૦૦૨)

વિમલાજી દ્વારા ઈ.સ. ૧૯૮૬ના ડિસેમ્બર માસમાં ભાવનગર ખાતે શ્રી જ્ઞાનેશ્વરીના બારમા અધ્યાય, ભક્તિયોગનું પારાયણ થયું. આ પારાયણને પોતાના પાલવમાં ઝીલી શ્રી પ્રભાબહેન મરચન્ટે પુસ્તક તૈયાર કર્યું. **'મધુર અદ્વૈત'**. આ પુસ્તક પ્રથમ આવૃત્તિ તરીકે **'જીવનયોગ'** સામયિકના વિશેષાંક તરીકે ઈ.સ. ૧૯૮૬માં પ્રકાશિત થયું અને બીજી આવૃત્તિ તરીકે મધુર અદ્વૈત શીર્ષકથી ૨૦૦૨માં થયું. તેના કુલ ૧૫૦ પાનાઓ છે. શ્રીમદ્ ભગવતગીતાના બારમા અધ્યાયમાં ભગવાન અને ભક્તના સાયુજ્યનું ગાન છે. આ ગાન વિમલવાણીનું માધ્યમ ધરી વાચકોના હૃદયમાં વસે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૯૧. મૌનનો નિનાદ (પ્રકાશન વર્ષ : ૨૦૦૨)

વિમલાજીના કાવ્યોમાંથી પસંદ કરાયેલા કાવ્યોનો સંગ્રહ એટલે **''મૌનનો નિનાદ''**. આ સંગ્રહને ચિત્રો અને શૈલીથી આકર્ષક રીતે સજાવાયેલો છે. ઈ.સ. ૨૦૦૨માં તેનું પ્રકાશન થયું. આ પુસ્તકની સજાવટ જુદી રીતે થયેલી છે. અહીં અંગ્રેજી ભાષાના કાવ્યો એક તરફ છે તો બીજી તરફ ગુજરાતી લિપિમાં ગુજરાતી, હિન્દી અને મરાઠી ભાષાના કાવ્યો સ્થાન પામ્યા છે.

૯૨. હવે જોઈએ વિશ્વસંઘ (પ્રકાશન વર્ષ : ૨૦૦૧)

વિમલાજી દ્વારા માર્ચ ૨૦૦૩માં ચિંતનાત્મક લખાણો લખાયેલા તેનો સંગ્રહ એટલે પુસ્તિકા **''હવે જોઈએ વિશ્વસંઘ''**. કુલ છ લેખોનો અહીં સમાવેશ થયો છે. ૧૯ પાનાઓની આ પુસ્તિકાની પ્રથમ આવૃત્તિ ૨૦૦૩માં જ પ્રકાશિત થઈ અને મોટી સંખ્યામાં મિત્રોને પહોંચાડવામાં આવી હતી. આ પુસ્તિકાના લેખોનો મુખ્ય વિચાર વિશ્વસ્તરે નવમાનવના નિર્માણના પ્રારંભનો છે.

૯૩. મનીષીની મનનધારા (પ્રકાશન વર્ષ : ૨૦૦૩)

વિમલાજી અને ગુજરાતી ભાષાના દિગ્ગજ સાહિત્યકાર શ્રી મનુભાઈ પંચોળી વચ્ચે દીર્ઘકાલીન પત્રવ્યવહાર રહ્યો. કુશળ કેળવણીકાર, પ્રખર વક્તા અને મા શારદાના લાડકવાયા મનુભાઈએ વિમલાજી પર લખેલા પત્રોનો સંગ્રહ એટલે **'મનીષીની મનનધારા'**. કુલ ૮૧ પાનાના આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ ૨૦૦૩માં થઈ. આ વ્યક્તિગત પત્રવ્યવહાર હોઈ ખાનગી વિતરણ માટે પ્રકાશિત થયો હતો. તેથી તેનું પ્રકાશન સ્વયં વિમલાજી દ્વારા થયું હતું. આ રસાળ પત્રવ્યવહાર ઘણા વ્યાપક વિષયોને સ્પર્શે છે જે અનુભવવા વાચકે પુસ્તક સુધી જવું જ રહ્યું.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૯૪. વિમલ ઝરણું : ભાવસંસ્પર્શ (પ્રકાશન વર્ષ : ૨૦૦૩)

વિમલાજીના અંગ્રેજી ભાષાના કાવ્યો 'Friendly Communion'ના નામે સંગ્રહાયેલા છે. આ કાવ્ય સંગ્રહમાંથી પસંદ કરેલા ૨૫ કાવ્યોનો ભાવાનુવાદ સ્વ. પ્રો. નિરંજનભાઈ ત્રિવેદીએ કરેલો હતો જેનો સંગ્રહ એટલે **'વિમલ ઝરણું : ભાવસંસ્પર્શ'**. પુસ્તક કુલ ૪૯ પાનાઓના આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ એપ્રિલ ૨૦૦૩માં થઈ હતી જેનું પ્રકાશન સ્વયં ત્રિવેદીસાહેબનું હતું. તેઓએ આ કાવ્યો ભાવાનુવાદને બદલે ભાવસંસ્પર્શ કહેવાનું પસંદ કર્યું અને વિમલાજીના અંગ્રેજી ભાષાના કાવ્યોએ ગુજરાતી ભાષાનું કલેવર ધારણ કર્યું.

૯૫. આપણે ક્યાં જઈ રહ્યા છીએ ? (પ્રકાશન વર્ષ : ૨૦૦૩)

વિમલાજી દ્વારા ઈ.સ. ૨૦૦૩માં લખાયેલા ચિંતન લેખોના અંગ્રેજી સંગ્રહ 'Where are we heading to ?'નો ગુજરાતી અનુવાદ એટલે પુસ્તિકા **'આપણે ક્યાં જઈ રહ્યા છીએ ?'**. કુલ ૧૬ પાનાઓની આ પુસ્તિકાની પ્રથમ આવૃત્તિ ૨૦૦૩માં પ્રકાશિત થઈ જેનું પુનઃમુદ્રણ ૨૦૦૪માં થયું. ત્રિભેટે ઊભેલા ભારત દેશની સ્થિતિનો દિશા નિર્દેશ અહીં જોવા મળે છે તો ભારતની આગવી વિશેષતા આત્મવિજ્ઞાનને પાયામાં રાખી તેના વિકાસનો સુરેખ નકશો પણ વાંચવામાં આવે છે.

૯૬. ધન્વન્તરિની સ્નેહવર્ષા (પ્રકાશન વર્ષ : ૨૦૦૪)

વિમલાજી અને શ્રી બાલકૃષ્ણભાઈ વૈદ્ય વચ્ચેના પત્ર વ્યવહારનો સંગ્રહ એટલે પુસ્તક **'ધન્વન્તરિની સ્નેહ વર્ષા'**. ઈ.સ. ૨૦૦૪માં પ્રકાશિત થયેલા આ પુસ્તકના કુલ ૧૨૦ પાનાઓ છે. તો વિશેષતા એ છે કે શીર્ષક સ્વયં વિમલાજીનું સૂચવેલું છે ! આ દીર્ઘકાલીન પત્રવ્યવહાર અનેક આયામોને વ્યક્ત કરે છે. ચિંતનનું ઊંડાણ તો પ્રત્યુત્તરની પ્રગલ્ભતા, ભાષા લાલિત્ય, પરસ્પર નમ્રતાની પરાકાષ્ઠા જેવા શિખરો નિહાળી શકાય છે . આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ 'અમીવર્ષા' શીર્ષકથી પ્રકાશિત થઈ, જેમાં શ્રી બાલકૃષ્ણભાઈના પત્રો ઉમેરી વધુ સમૃદ્ધ દ્વિતીય આવૃત્તિ તરીકે **'ધન્વન્તરિની સ્નેહવર્ષા'** તરીકે પ્રકાશિત થયું.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૯૭. સત્સંગ સંનિધિ (પ્રકાશન વર્ષ : ૨૦૦૪)

વિમલાજી દ્વારા માધવપુરમાં સત્સંગી મિત્રો સાથે થયેલી પ્રશ્નોત્તરીનું સંપાદિત સ્વરૂપ એટલે **'સત્સંગ સંનિધિ'** પુસ્તક. કુલ ૭૬ પાનાઓના આ પુસ્તકનું સંપાદન પ્રભાબહેન મરચન્ટનું કરેલું છે જેની પ્રથમ આવૃત્તિ જૂન-૨૦૦૪માં પ્રકાશિત થઈ. વિમલાજી દ્વારા પ્રશ્નોના ઉત્તરમાં મંડાયેલી આતમ ગોઠડી વાંચતા જણાય છે કે દરેક પ્રશ્નોનો તેઓ કેટલી છણાવટપૂર્વક જવાબ આપતાં હતાં ! અહીં પ્રશ્નોનો કોઈ ચોક્કસ વિષયનો ક્રમ નથી. જીવન જીવતાં સ્ફૂરેલા પ્રશ્નો પાછળ રહેલી મૂંઝવણ સંવેદી વિમલાજીએ મર્મભેદી ઉત્તરો આપ્યા છે.

૯૮. પ્રેરણા અને પગદંડી (પ્રકાશન વર્ષ : ૨૦૦૪)

વિમલાજી અને શ્રી વિષ્ણુભાઈ પંડ્યા વચ્ચે થયેલા પત્રવ્યવહારમાંથી પસંદ કરાયેલો કેટલોક ભાગ એટલે **'પ્રેરણા અને પગદંડી'** પુસ્તક. ૨૩૨ પાનાઓમાં ફેલાયેલા આ દળદાર પુસ્તકની પ્રથમ આવૃત્તિ માર્ચ-૨૦૦૪માં પ્રકાશિત થઈ. આ પુસ્તકનું સંપાદન ડૉ. આરતીબહેન પંડ્યાએ કરેલું છે. આકર્ષક મુખપૃષ્ઠ, છપાઈ, કાગળો અને સર્વોત્તમ તેમાં વ્યક્ત થતું ચિંતન છે. અહીં વિષ્ણુભાઈના પત્રો છે અને વિમલાજીના પત્રો છે અને પરિશિષ્ટમાં વિમલજીવન સાથે જોડાયેલા કેટલાક અન્ય મહત્ત્વના પત્રો છે, મહત્ત્વનાં નાના લેખો પણ અહીં મૂકાયેલા છે. આ પત્રો વાચકને અનેક પરિમાણોથી બળ પૂરું પાડે તેવા છે.

૯૯. વિમલાજી : જીવનસાધકની યાત્રા (પ્રકાશન વર્ષ : ૨૦૦૪)

વિમલાજીના જીવન વિશે લખાયેલા બૃહદ્ ગ્રંથ **'જીવનસાધકની વિમલયાત્રા'** સંક્ષેપ કરીને **'વિમલાજી : જીવનસાધકની યાત્રા'** પુસ્તક તૈયાર થયું. શ્રી વિષ્ણુભાઈ પંડ્યા લિખિત તથા ડૉ. આરતીબહેન પંડ્યા સંપાદિત આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ ઈ.સ. ૨૦૦૬માં પ્રકાશિત થઈ. કુલ ૨૪૭ પાનાંઓમાં ફેલાયેલા આ પુસ્તકમાં મૂળ પુસ્તક કરતાં આવશ્યક સુધારાવધારા કરાયા છે. વિમલાજીના જીવનના વિભિન્ન પાસાંઓ અને વિપુલ સામગ્રીનો અહીં સમાવેશ કરાયો છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૧૦૦. વિમલ નિર્ઝર : ભાવસંસ્પર્શ (પ્રકાશન વર્ષ : ૨૦૦૫)

વિમલાજીના અંગ્રેજી ભાષાના કાવ્યોનો સંગ્રહ 'Friendly Communion'ના નામથી પ્રસિદ્ધ થયેલો છે તેમાંથી ૨૮ કાવ્યોનો ભાવાનુવાદ પ્રો. નિરંજનભાઈ ત્રિવેદીએ 'વિમલ ઝરણું : ભાવસંસ્પર્શ' એ શીર્ષકથી પુસ્તકાકારે પ્રસિદ્ધ કર્યો હતો. ત્યારબાદ અન્ય ૨૬ કાવ્યોનો મુક્ત ભાવાનુવાદ ડિસેમ્બર-૨૦૦૫માં પ્રકાશિત થયો. કુલ ૫૦ પાનાઓના આ સંગ્રહને નામ અપાયું **'વિમલ નિર્ઝર : ભાવસંસ્પર્શ'**. આશા છે કે આ ભાવસંસ્પર્શ અનુવાદકની જેમ વાચકને પણ થશે.

૧૦૧. ચૈતન્ય ક્રાંતિ (પ્રકાશન વર્ષ : ૨૦૦૫)

વિમલાજીના પ્રવચનો અને લેખો 'બિરાદર' પત્રિકામાં પ્રકાશિત થતાં રહ્યાં, જેમાંથી ઘણાં મૂળ ગુજરાતીમાં અથવા હિન્દી, અંગ્રેજીના અનુવાદો હતા. આ માંહેના કુલ ૨૦ લેખો, મુલાકાતોનું સંકલન એટલે પુસ્તક **'ચૈતન્ય ક્રાંતિ'**. આ સંકલન સુશ્રી પ્રભાબહેન મરચન્ટ, ડૉ. અમુભાઈ કારીઆ અને ડૉ. પ્રફુલ્લભાઈ દવેનું કરેલું છે. કુલ ૧૦૮ પાનાના આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ ડિસેમ્બર-૨૦૦૫માં પ્રકાશિત થઈ કે જે વર્ષે 'ગુજરાત બિરાદરી' સંસ્થાને ૨૦ વર્ષ પુરા થતાં હતા. સમાજ ઘડતરનાં આ લેખનની વિવિધતાનો સાર વ્યક્તિ ચેતના પરિવર્તનનો છે.

૧૦૨. પરિવર્તનના પ્રભાતે (પ્રકાશન વર્ષ : ૨૦૦૬)

વિમલજીના જીવનદર્શનને કેન્દ્રમાં રાખીને જિજ્ઞાસુ મિત્રોનું નાનું શું મિલન રાજકોટ નજીક 'મહાવીરપુરમ્' ખાતે થયું. આ સહચિંતન દરમ્યાન શ્રી વિષ્ણુભાઈ પંડ્યાએ પોતાની નોંધનું વાચન કર્યું તે સહુને સ્પર્શી ગયું. આ નોંધ તથા અન્ય એક લેખને સંધાન રૂપે જોડી, વિમલાજીના એક માર્મિક પત્રનો સમાવેશ કરી તૈયાર થઈ પુસ્તિકા **'પરિવર્તનનાં પ્રભાતે'**. કુલ ૨૮ પાનાની આ પુસ્તિકાનું સંપાદન શ્રેયસ્ કારીઆનું છે. જેની પ્રથમ આવૃત્તિ માર્ચ, ૨૦૦૬માં પ્રકાશિત થઈ. વિમલજીવન દર્શનને સમજવા તથા જીવન પરિવર્તન ઈચ્છનારા સાહસવીરોને આ પુસ્તિકા ઉપયોગી છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૧૦૩. સાચું ધાર્મિક જીવન જીવવાની ઝંખના (પ્રકાશન વર્ષ : ૨૦૦૬)

વિમલાજીએ શિવકુટી, માઉન્ટ આબૂ ખાતે નવેમ્બર, ૧૯૯૫માં મુંબઈના જિજ્ઞાસુ મિત્રો સાથે સંવાદ કર્યો. આ સંવાદ મૂળ અંગ્રેજીમાં થયો હતો જેના પરથી અંગ્રેજીમાં જ પુસ્તક 'Living a Truly Religious Life' તૈયાર થયું. આ પુસ્તકનો પ્રો. નિરંજનભાઈ ત્રિવેદીએ કરેલો ગુજરાતી અનુવાદ એટલે પુસ્તક **'સાચું ધાર્મિક જીવન જીવવાની ઝંખના'**. કુલ ૯૨ પાનાના આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ એપ્રિલ, ૨૦૦૬માં પ્રકાશિત થઈ. કુલ પાંચ વિભાગોમાં વહેંચાયેલું આ પુસ્તક વાચકોને પરંપરાગત અર્થ કરતા ધર્મ અને ધાર્મિક જીવન વિશે જુદા જ અભિગમથી વિચારતાં કરે છે.

૧૦૪. મિત્ર મિલન (પ્રકાશન વર્ષ : ૨૦૦૬)

વિમલાજીના સાન્નિધ્યમાં ફેબ્રુઆરી, ૧૯૭૫માં આબુ ખાતે મિત્ર મિલન શિબિરનું આયોજન થયું હતું. એ દરમ્યાન અપાયેલાં ત્રણ પ્રવચનોનું સંકલન એટલે પુસ્તિકા **'મિત્ર મિલન'**. કુલ ત્રીસ પાનાની આ પુસ્તિકાની પ્રથમ આવૃત્તિ માર્ચ-૨૦૦૬માં પ્રકાશિત થઈ કે જેનું સંકલન શ્રી બાબુભાઈ શાહનું કરેલું છે. આ પુસ્તિકામાં ગુજરાતના જાણીતા સાક્ષર શ્રી કિશનસિંહ ચાવડાનું પ્રવચન પણ ઉમેરાયેલું છે. આ પુસ્તક મૈત્રીની ભૂમિકા પર અધ્યાત્મના આરોહણ પર ભાર મૂકે છે.

૧૦૫. શિક્ષણ : ચૈતન્ય સંક્રમણ (પ્રકાશન વર્ષ : ૨૦૦૬)

વિમલાજી દ્વારા આચાર્યો અને પ્રાધ્યાપકોના સમૂહ સમક્ષ 'શિવકુટી' માઉન્ટ આબૂ ખાતે શિક્ષણમાં મૂળભૂત ક્રાંતિ કેવી રીતે લાવી શકાય તે વિશે પ્રેરક સંવાદ થયો હતો તેના આધારે શ્રી પ્રભાબહેન મરચન્ટ દ્વારા **'શિક્ષણ : ચૈતન્ય સંક્રમણ'** પુસ્તક તૈયાર થયું. આ પુસ્તકની પ્રથમ અને દ્વિતીય આવૃત્તિનું પ્રકાશન વર્ષ પ્રાપ્ય નથી પરંતુ તેમાં રહેલી અનેક ક્ષતિઓને સુધારીને એપ્રિલ-૨૦૦૬માં ત્રીજી સંવર્ધિત આવૃત્તિ તૈયાર કરવામાં આવી. કુલ ૬૨ પાનાઓના આ પુસ્તકની અત્યાર સુધીમાં કુલ પાંચ આવૃત્તિઓ તથા ૫૦૦૦ નકલો થઈ છે. આ પુસ્તકને કેન્દ્રમાં રાખીને ઘણા પરિસંવાદો થયા. અનેક શિક્ષકો માટે આ પુસ્તક પ્રેરણારૂપ બન્યું. ચાર પ્રવચનોમાં શિક્ષણ અને શિક્ષક વિશે મૂળભૂત વિચારો અહીં વ્યક્ત થયા છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

 CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૧૦૬. અભિનવ ક્રાન્તદર્શન (પ્રકાશન વર્ષ : ૨૦૦૬)

વિમલાજીના પ્રવચનો, લેખો 'બિરાદર' પત્રિકામાં પ્રકાશિત થતાં રહ્યા. તેમાંથી સમાજ પરિવર્તન અંગેના લેખોનું સંકલન એટલે **'અભિનવ ક્રાન્તદર્શન'** પુસ્તક. કુલ ૯૮ પાનાના આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ જાન્યુઆરી, ૨૦૦૬માં પ્રકાશિત થઈ. આ પુસ્તકનું સંકલન સુશ્રી પ્રભાબહેન મરચન્ટ, ડૉ. અમુભાઈ કારીઆ અને ડૉ. પ્રફુલ્લભાઈ દવેનું કરેલું છે. અહીં સમાવાયેલા કુલ ૨૧ લેખોમાં વિષયોનું વૈવિધ્ય અને ચિંતનનું ઊંડાણ અનુભવી શકાય છે. સમગ્ર જીવનને નૂતન દૃષ્ટિથી સમજવા અને જીવવા મથતી વ્યક્તિને આ પુસ્તક ઘણું ઉપયોગી નીવડશે.

૧૦૭. સાધનામય જીવન (પ્રકાશન વર્ષ : ૨૦૦૬)

વિમલાજીના સાનિધ્યમાં ડિસેમ્બર ૧૯૯૬માં 'શિવકુટી' માઉન્ટ આબૂ ખાતે શિબિરનું આયોજન થયું હતું જેનો વિષય હતો જીવનમયી સાધના. આ શિબિર દરમ્યાન પ્રવચન અને પ્રશ્નોત્તરીના માધ્યમથી જે સંવાદ થયો તેના પરથી મૂળ હિન્દી પુસ્તક 'સાધનામય જીવન' તૈયાર થયું. આ પુસ્તકનો શ્રી લીલાબહેન વ્યાસે ગુજરાતી અનુવાદ એટલે **'સાધનામય જીવન'** પુસ્તક. કુલ ૧૯૮ પાનાઓના આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ માર્ચ ૨૦૦૬માં પ્રકાશિત થઈ. કુલ ૬ પ્રવચનો અને પાંચ પ્રશ્નોત્તરીનો અહીં સમાવેશ થયો છે.

૧૦૮. વિમલ-વચનામૃત (પ્રકાશન વર્ષ : ૨૦૦૭)

વિમલાજી દ્વારા માધવપુરમાં અલગ અલગ સમયે થયેલા સંવાદો પરથી 'સત્સંગ સંનિધિ', 'અધ્યાત્મનો આયામ', 'ઘટ સે જીવનરસ છલકે' પુસ્તકો તૈયાર થયા. આ પુસ્તકોમાંથી શ્રી કાર્તિકેયભાઈ ભટ્ટે ૩૩૪ વચનામૃતો પસંદ કર્યા. તેનો સંગ્રહ એટલે પુસ્તિકા **'વિમલ-વચનામૃત'**. કુલ ૪૩ પાનાની આ પુસ્તિકાની પ્રથમ આવૃત્તિ માર્ચ ૨૦૦૭માં તૈયાર થઈ. આ પુસ્તિકામાં વિષયોનો ક્રમ રાખવાને બદલે ઉપરોક્ત પુસ્તકોના પ્રકરણોનો ક્રમ રાખેલો છે. જેને કારણે કોઈ પણ વચનામૃત સ્વતંત્ર રીતે વાંચવામાં આવે તો પણ ઉપયોગી નીવડે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૧૦૯. જીવનસાધનાનાં સોપાનો (પ્રકાશન વર્ષ : ૨૦૦૭, ૨૦૧૨)

વિમલાજી દ્વારા એપ્રિલ ૧૯૯૩માં ગુજરાત બિરાદરીના માધ્યમથી યુવાનો સાથે સંવાદ થયો આ સંવાદરૂપ ચાર પ્રવચનોનો સંગ્રહ એટલે પુસ્તક **'જીવનસાધનાનાં સોપાનો'**. કુલ ૬૦ પાનાના આ પુસ્તકની પહેલી આવૃત્તિ ૨૦૦૭માં પ્રકાશિત થઈ અને શીર્ષક સુધારીને બીજી આવૃત્તિ ૨૦૧૨માં તૈયાર થઈ. મૂળ હિન્દી પ્રવચનો પરથી અનુવાદ શ્રેયસ્ કારીઆનો કરેલો છે. ચાર પ્રવચનોમાં વિમલાજીના અંગત જીવન પ્રસંગોની સાથે સાથે, અધ્યાત્મનિષ્ઠ જીવન પરિવર્તન માટે ઉપયોગી સોપાનો સખ્ય, સહયોગ, સહજીવનની સમજ આપી છે. આત્મશક્તિ અને તેનું સામાજિક પાસું પણ અહીં ઊંડાણથી સમજાવાયું છે.

૧૧૦. ઔદ્યોગિક જીવનમાં આધ્યાત્મિકતા (પ્રકાશન વર્ષ : ૨૦૦૭)

વિમલાજી દ્વારા ડિસેમ્બર ૧૯૯૪માં ઉદ્યોગજગતના દિગ્ગજ અને વ્યંકટેશ હેચરીઝના ચેરમેન શ્રી બી. વી. રાવ અને તેના સાથી મિત્રો સાથે વાર્તાલાપ રૂપે પ્રવચનો થયેલા. આ પ્રવચનો મૂળ અંગ્રેજીમાં થયેલા અને તેના પરથી પુસ્તક બન્યું. 'Spirituality in Industrial Life' આ આ પુસ્તકનો શ્રી મુની દવેએ કરેલો ગુજરાતી ભાવાનુવાદ એટલે પુસ્તક **'ઔદ્યોગિક જીવનમાં આધ્યાત્મિકતા'**. કુલ ૧૦૦ પાનાઓના આ પુસ્તકમાં કુલ પાંચ પ્રવચન-પ્રશ્નોત્તરીનો સમાવેશ થયો છે. આ સંવાદની વિશેષતા એ છે કે તે ફકત ઉદ્યોગજગતના મિત્રો પૂરતાં મર્યાદિત ન રહેતા સમગ્ર માનવજાતને કહેવાયા હોય તેવું લાગે છે. રસપ્રદ પ્રશ્નોત્તરી વાર્તાલાપને વધારે ઊંડાણ આપે છે.

૧૧૧. જીવન સંવાદ (પ્રકાશન વર્ષ : ૨૦૦૭)

વિમલાજી અને કૃષ્ણજી (શ્રી જે. કૃષ્ણમૂર્તિ) વચ્ચે થયેલા સંવાદો તથા આ સંવાદોની પૃષ્ઠભૂમિ પર વિમલાજીનું ચિંતન સંગ્રહાઈને તૈયાર થયું પુસ્તક **'જીવન સંવાદ'**. કુલ ૯૫ પાનાના આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ ૨૦૦૭માં પ્રકાશિત થઈ જેનું સંકલન શ્રી અરવિંદભાઈ દેસાઈનું કરેલું છે. કૃષ્ણજીના દેહાવસાન બાદ વિમલાજીએ આપેલી અંજલિ અહીં સંધાન રૂપે મૂકવામાં આવી છે. આ પુસ્તક વાંચતા વાંચતા વિમલાજીની જીવનયાત્રામાં વિમલ ચેતનાનો વિહાર કેવી રીતે ઊર્ધ્વ અને ઉજ્જવળ બન્યા તેની ઝલક મેળવી શકાય છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૧૧૨. ઊઠો હે ભારતવાસી ! **(પ્રકાશન વર્ષ : ૨૦૦૭)**

વિમલાજી દ્વારા ચિંતનના પરિપાક રૂપે નાના લેખો લખતા રહ્યા. એપ્રિલ ૨૦૦૭માં આવા ૫ લેખોનો સમાવેશ કરતી પુસ્તિકા 'Vigil India' તૈયાર થઈ, જેમાં હિન્દી તથા અંગ્રેજી લેખોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ ૫ લેખોનો શ્રેયસ્ કારીઆએ કરેલો ગુજરાતી અનુવાદ એટલે પુસ્તિકા **'ઊઠો હે ભારતવાસી !'**. એક જ વર્ષમાં આ પુસ્તિકાની બે આવૃત્તિઓ તથા ૩૦૦૦ નકલો પ્રકાશિત થઈ અને મિત્રોમાં વિતરીત કરવામાં આવી. અહીંના પાંચે લેખોમાં વિષયોનું વૈવિધ્ય છે તથા ચિંતનનું ઊંડાણ છે. ભારત દેશના નાગરિકોને વિમલાજીના શબ્દોના માધ્યમથી ઢંઢોળવાનો આ પ્રયાસ છે.

૧૧૩. વિમલસત્ત્વ **(પ્રકાશન વર્ષ : ૨૦૦૮)**

વિમલાજી સાથે રહેતાં-રહેતાં નિજાનંદ ખાતર લખાયેલી સુશ્રી પ્રભાબહેન મરચન્ટની નોંધોનો સંગ્રહ એટલે પુસ્તક **'વિમલસત્ત્વ'**. અહીં ૨૦૦૧ના ડિસેમ્બરથી ૨૦૦૨ના ફેબ્રુઆરી સુધીની અનુભૂત, સારરૂપ નોંધો સંગ્રહાયેલી છે. કુલ ૧૭૬ પાનાઓના આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ ૨૦૦૮માં પ્રકાશિત થઈ. શરૂઆતમાં પ્રભાબહેને લખેલો ટૂંકો લેખ 'સખ્યનો મહારાસ' વિમલાજી સાથેના તેઓના જીવનપર્વનો આપણને આભાસ આપે છે. આ પુસ્તકના વર્ણનની પૃષ્ઠભૂમિ માધવપુર તથા અમદાવાદ છે.

૧૧૪. જીવંત લોકશાહી માટે ભારતીય ઝંખના **(પ્રકાશન વર્ષ : ૨૦૦૮)**

વિમલાજી દ્વારા ભારતના અને વિશ્વના મહાનુભાવોના તથા સ્વયં પોતાના ૭ લેખો પસંદ કરી અંગ્રેજી પુસ્તિકા 'An Indian Quest for Democracy' તૈયાર કરવામાં આવી. આ પુસ્તિકાનો શ્રી નિરંજનભાઈ ત્રિવેદી દ્વારા તૈયાર કરવામાં આવેલો ભાવાનુવાદ એટલે પુસ્તિકા **'જીવંત લોકશાહી માટે ભારતીય ઝંખના'**. કુલ ૪૦ પાનાઓની આ પુસ્તિકાની પ્રથમ આવૃત્તિ ૨૦૦૮માં પ્રકાશિત કરવામાં આવી. અહીં સમાવાયેલા લેખો વૈશ્વિક ચિંતન ધરાવતા તથા મનુષ્યજાતને ખૂબ જ ઉપયોગી છે અને મનુષ્યની પ્રજ્ઞાને અવરોધતા પરિબળો વિશે સાવધાન કરે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૧૧૫. વિમલ-જીવનયાત્રા (પ્રકાશન વર્ષ : ૨૦૦૮)

વિમલાજીના જીવન ચરિત્ર માંહેના વધુ આ એક પુસ્તકની પ્રથમ આવૃત્તિ ૨૦૦૮માં પ્રકાશિત થઈ. વિમલાજીના સમાજ જીવન વિશેના પ્રયોગોને સમાવીને આ પુસ્તક **'વિમલ-જીવનયાત્રા'** ડૉ. પ્રફુલ્લભાઈ દવેએ તૈયાર કર્યું અને સ્વયં વિમલાજીએ 'પ્રફુલ્લ સંકલન' તેવું શબ્દબદ્ધ કર્યું. કુલ ૨૩૫ પાનાઓના આ પુસ્તકમાં ૩૩ વિભાગો છે જે ભારતભરના વિમલાજીના સમાજ ક્ષેત્રે થયેલા તપપૂત પ્રયોગોનો ચિતાર આપે છે. આ પુસ્તક સમાજસેવા અને સામાજિક કાર્ય વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરી વિમલાજી સામાજિક કાર્યની ધારાનું આલેખન કરે છે અને તે રીતે નવા આયામો આપણી સમક્ષ ખોલી આપે છે.

૧૧૬. સમન્વયાત્મક વિજ્ઞાન અને અધ્યાત્મ (પ્રકાશન વર્ષ : ૨૦૦૮)

વિમલાજી દ્વારા ચિલી દેશના સાન્ટીયાગો શહેરમાં આયોજિત એક સેમિનારમાં ઈ.સ. ૧૯૮૬માં વાર્તાલાપો અપાયેલા. જેના પરથી અંગ્રેજી પુસ્તિકા 'Science and Spirituality' તૈયાર થઈ. આ પુસ્તિકાનો ડૉ. પ્રફુલ્લભાઈ દવેએ કરેલો ગુજરાતી અનુવાદ એટલે પુસ્તિકા **'સમન્વાયાત્મક વિજ્ઞાન અને અધ્યાત્મ'**. કુલ ૪૮ પાનાઓની આ પુસ્તિકાની પ્રથમ આવૃત્તિ એપ્રિલ, ૨૦૦૮માં પ્રકાશિત કરવામાં આવી. કુલ ચાર વાર્તાલાપોનો આપણને વિજ્ઞાન અને અધ્યાત્મના મિલન વિશે સમજાવી અધ્યાત્મનું વૈજ્ઞાનિક મૂલ્ય સ્પષ્ટ કરે છે અને તેને આત્મવિજ્ઞાન તરીકે પ્રતિષ્ઠિત કરે છે.

૧૧૭. કઠોપનિષદ (પ્રકાશન વર્ષ : ૨૦૦૮)

વિમલાજી દ્વારા યુરોપના યોગશિક્ષકો સાથે ૧૯૯૫માં ડેલહાઉસી, હિમાચલ પ્રદેશ ખાતે કઠોપનિષદ પર સંવાદ થયો. મૂળ અંગ્રેજીમાં આપેલા આ પ્રવચનો પરથી અંગ્રજીમાં જ પુસ્તક તૈયાર થયું. આ મૂળ અંગ્રેજી ભાષા પરથી વિષયનો મર્મ સચવાય રહે તે રીતે પ્રા. રાજનભાઈ કડિયાએ કરેલો ગુજરાતી અનુવાદ એટલે દળદાર પુસ્તક **'કઠોપનિષદ-જીવન રૂપાંતરણ યજ્ઞ'**. કુલ ૪૩૨ પાનાઓના આ પુસ્તકમાં પરિપૂર્તિ રૂપે કઠોપનિષદનો મૂળ પાઠ તથા મૂળ અંગ્રેજી પુસ્તકમાં અપાયેલાં મહત્ત્વના અંગ્રેજી શબ્દોનો ગુજરાતી અર્થ પણ આપેલો છે. આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ મે, ૨૦૦૮માં પ્રકાશિત કરવામાં આવી. અહીં કુલ પચીસ વાર્તાલાપો આપણને કઠોપનિષદ સાથે એકાકાર કરે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૧૧૮. વિમલ ચૈતન્યમાં ઝંકૃત જ્ઞાનેશ્વરી (પ્રકાશન વર્ષ : ૨૦૧૦)

વિમલાજી દ્વારા જ્ઞાનેશ્વરી ગીતાના બીજા અધ્યાય પર પ્રવચનોનું આયોજન ઈ.સ. ૧૯૮૬ના ડિસેમ્બર માસમાં થયું જે ૧૯૮૭ના ફેબ્રુઆરી સુધી ચાલ્યું. આ પ્રવચનો પરથી 'જીવનયોગ' મેગેઝિનનો વિશેષાંક ૧૯૮૭માં તૈયાર થયેલો તેનું શીર્ષક સુધારી ૨૦૧૦માં તેનું પુનઃ પ્રકાશન કરવામાં આવ્યું અને નામ અપાયું **'વિમલ ચૈતન્યમાં ઝંકૃત જ્ઞાનેશ્વરી'**. કુલ ૨૨૫ પાનાઓના આ પુસ્તકનો ગુજરાતી અનુવાદ તથા સંકલન સુશ્રી પ્રભાબહેન મરચન્ટના કરેલા છે. જ્ઞાનેશ્વરીના બીજા અધ્યાય પર કેન્દ્રીત વિમલવાણી વાચકને કૃષ્ણ-અર્જુનની ચેતના સાથે પ્રત્યક્ષ કરે છે.

૧૧૯. પત્રો : ચૈતન્ય સંક્રમણ (પ્રકાશન વર્ષ : ૨૦૧૦)

વિમલાજીએ સ્વજનોને અઢળક પત્રો લખ્યા છે. આવા જ એક સ્વજન આરતીબહેન અને આનંદભાઈ પર લખાયેલા પત્રોનું સંકલન એટલે પુસ્તિકા **'પત્રો : ચૈતન્ય સંક્રમણ'**. કુલ ૬૪ પાનાઓની આ પુસ્તિકાની પ્રથમ આવૃત્તિ ૨૦૧૦માં પ્રકાશિત થઈ. જેનું સંકલન સુશ્રી પ્રભાબહેન મરચન્ટ તથા શ્રી રાજનભાઈ કડિયાનું કરેલું છે. લગભગ ૩૦ વર્ષ સુધીના પસંદ કરાયેલા પત્રો વ્યક્તિચેતના પર વિમલાજીએ વરસાવેલી અપાર કરુણા બયાન કરે છે. એક પરિવારને લખાયેલા પત્રો હદ ઓળંગીને સમગ્ર માનવજાત માટે લખાયેલા હોય તેવી અનુભૂતિ અને માર્ગદર્શન આપે છે.

૧૨૦. પત્રાંશોમાં ઝળહળ વિમલા ઠકાર (પ્રકાશન વર્ષ : ૨૦૧૦)

વિમલાજીના વિશાળ પત્ર વૈભવમાંથી પસંદ કરેલા પત્રાંશોનું સુંદર સંકલન એટલે પુસ્તિકા **'પત્રાંશોમાં ઝળહળ વિમલા ઠકાર'**. કુલ ૮૫ પાનાના આ પુસ્તકનું સંકલન પ્રા. તરલાબહેન દેસાઈનું છે. આ પુસ્તક પાછળ તેઓની દશ વર્ષોની મહેનત ભળી છે એ તે રીતે તેનું પ્રકાશન પ્રથમ આવૃત્તિ તરીકે ૨૦૧૦માં પરિપૂર્ણ થયું. આ પત્રાંશો વિષયનો, સમયનો, વ્યક્તિનો કશાનો ક્રમ વ્યક્ત કરતાં નથી છતાં કોઈપણ એક અંશ વાંચતા અંતરમાં ઉજાસ ફેલાય છે. આ અ-ક્ષર કાયાનો સંગ્રહ એ રીતે મહામૂલો વારસો છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૧૨૧. નારીદિહે અવધૂત (પ્રકાશન વર્ષ : ૨૦૧૧)

વિમલાજીના જીવનચરિત્રોમાંહેનું આ વધુ એક પુસ્તક એટલે ડો. પ્રફુલ્લભાઈ દવે દ્વારા લખાયેલું **'નારીદેહે અવધૂત'**. કુલ ૧૧૫ પાનાના આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ એપ્રિલ ૨૦૧૧માં પ્રકાશિત થઈ. કુલ ૩૨ પ્રકરણોમાં વહેંચાયેલા આ પુસ્તકમાં વિમલ જીવનનો વિહાર વાંચવામાં આવે છે તથા વિમલાજીના જીવનના કેટલાયે આયામો વાચકો સમક્ષ રજૂ કરે છે. આ પુસ્તક મુખ્યત્વે વિમલાજીના ભારતમાં જીવન વિહારને કેન્દ્રમાં રાખે છે. આકર્ષક મુખપૃષ્ઠથી સજાવાયેલા આ પુસ્તકને સરળતાથી વાંચી શકાય તેવું સંક્ષિપ્ત સ્વરૂપ અપાયું છે.

૧૨૨. વિમલ આશિષ (પ્રકાશન વર્ષ : ૨૦૧૨)

વિમલાજી અને સુશ્રી પ્રભાબહેન મરચન્ટ વચ્ચેના પત્રવ્યવહારમાંથી પસંદ કરાયેલા અને સંપાદિત કરાયેલાં પત્રોનો સંગ્રહ એટલે પુસ્તક **'વિમલ આશિષ'**. કુલ ૧૬૦ પાના આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ ઈ.સ. ૨૦૧૨માં પ્રકાશિત થઈ જેમાં ૧૯૬૩ થી ૨૦૦૭ સુધીના પસંદ કરાયેલા પત્રો મુકાયા છે. આત્મનિવેદન, ઉદ્‌બોધન અને પ્રવેશક શીર્ષકોથી લખાયેલી પૂરવણી આ પુસ્તકને વિશિષ્ટ બનાવે છે. આ પત્રો વાચકોને વિમલાજીના જીવન વિહારમાં ડોકિયું કરવામાં અનેરો અવસર આપે છે. સુશ્રી પ્રભાબહેન મરચન્ટ દ્વારા સ્વયં સંપાદિત આ પુસ્તક તેને અધિકૃતતા આપે છે અને રસાળ બનાવે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સંપૂર્ણ વિમલ વાઙ્મય (ગુજરાતી)

ક્રમ	શીર્ષક	કિંમત
૧.	અતિમાનસના પ્રાંગણમાં*	૬૦-૦૦
૨.	અધ્યાત્મનો આયામ	૨૫-૦૦
૩.	અધ્યાત્મની અગ્નિશિખા	૧૦૦-૦૦
૪.	અનન્તને સથવારે	૧૦-૦૦
૫.	અપ્રમાદયોગ*	૪૦-૦૦
૬.	અભિનવ ક્રાંતદર્શન	૨૫-૦૦
૭.	અયોધ્યા પડકાર	-
૮.	અવધૂત પ્રસાદી	૬૦-૦૦
૯.	આતમ ગોઠડી ભાગ-૧	૭૫-૦૦
૧૦.	આતમ ગોઠડી ભાગ-૨	
૧૧.	આત્મદીપ*	૬૦-૦૦
૧૨.	ઔદ્યોગિક જીવનમાં આધ્યાત્મિકતા	૫૦-૦૦
૧૩.	આપણે ક્યાં જઈ રહ્યા છીએ ?	૫-૦૦
૧૪.	ઉત્તિષ્ઠત જાગ્રત*	૪૦-૦૦
૧૫.	ઊઠો - હે ભારતવાસી	-
૧૬.	કર્મયોગનું વિજ્ઞાન*	૩૦-૦૦
૧૭.	કઠોપનિષદ	૨૦૦-૦૦
૧૮.	કસ્તુરબા ટ્રસ્ટની બહેનો સાથે*	૬૦-૦૦
૧૯.	ખડસલીને આંગણે સત્સંગ ઉજાણી	૧૦-૦૦
૨૦.	ગાંધી જીવનદર્શન	૧૦-૦૦
૨૧.	ગુજરાતમાં જાગૃત જનતાનો અભિનવ પુરુષાર્થ	૧-૫૦
૨૨.	ગોપનાથ ગોષ્ઠિ*	૮૦-૦૦
૨૩.	ગ્રામ સ્વરાજ્યનું હાર્દ	૧૦-૦૦
૨૪.	ઘટસે જીવનરસ છલકે	૪૫-૦૦
૨૫.	ચૈતન્ય ક્રાંતિ	૨૫-૦૦
૨૬.	જાગી ઉઠો જગદંબ*	૪૦-૦૦
૨૭.	જીવંત લોકશાહી માટે ભારતીય ઝંખના	-
૨૮.	જીવનગંગોત્રી*	૮૦-૦૦
૨૯.	જીવનભાથું	૫૦-૦૦

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ક્રમ	શીર્ષક	કિંમત
૩૦.	જીવનયોગ (પરિચય)	૧૦-૦૦
૩૧.	જીવનયોગ	૩૫-૦૦
૩૨.	જીવનયોગ વિશેષાંક-અધ્યાય-૨	૧૫-૦૦
૩૩.	જીવનયોગ વિશેષાંક-અધ્યાય-૧૨	૨૫-૦૦
૩૪.	જીવનસાધક બનો*	૫૦-૦૦
૩૫.	જીવનસાધકની વિમલયાત્રા	૭૦૦-૦૦
૩૬.	જીવન સૌરભ	૮૦-૦૦
૩૭.	જીવન સંવાદ	૩૫-૦૦
૩૮.	થાઓ રે સાબદા ! ઘડી અણીની આવી !*	૨૫-૦૦
૩૯.	દવ તો લાગ્યો ડુંગરિયે*	૩૦-૦૦
૪૦.	દીદીની લોકજાગરણ યાત્રા*	૬૦-૦૦
૪૧.	દીદી સાથે*	૧૩૦-૦૦
૪૨.	દીદી સાથે કૅલિફોર્નિયામાં*	૮૦-૦૦
૪૩.	દેવતાત્માની પ્રસાદી	૩૦-૦૦
૪૪.	ધ્યાન : એક જીવનમાર્ગ	૨૫-૦૦
૪૫.	ધ્યાનાતિત યૌગિકજીવન	૮૦-૦૦
૪૬.	ધન્વંતરીની સ્નેહવર્ષા	-
૪૭.	નવભારતના ઘડવૈયાઓને	૩૦-૦૦
૪૮.	નવો પલટો*	૪૦-૦૦
૪૯.	નારી બને નારાયણી	૧૫-૦૦
૫૦.	નિજાનંદનો વિસામો*	૫૦-૦૦
૫૧.	પરિવર્તનના પ્રભાતે	૧૦-૦૦
૫૨.	પત્રો : ચૈતન્ય સંક્રમણ	-
૫૩.	પત્રાંશોમાં ઝળહળ વિમલાજી	-
૫૪.	પર્યુષણ પ્રસાદી*	૪૦-૦૦
૫૫.	પ્રેરણા અને પગદંડી	૪૦૦-૦૦
૫૬.	પાથેય	૧૨-૦૦
૫૭.	પંચધારા*	૬૦-૦૦
૫૮.	બદ્ધ અને મુક્ત*	૩૦-૦૦
૫૯.	બિરાદરી એટલે શું ?*	૩૦-૦૦
૬૦.	બિરાદરોને જીવનદીક્ષા	૧૫-૦૦

CC-0. Nirmala Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ક્રમ	શીર્ષક	કિંમત
૬૧.	બિરાદરીનું અધ્યાત્મ	૫-૦૦
૬૨.	ભારત મૂલ્યનિષ્ઠાની એરણ*	૨૫-૦૦
૬૩.	મધુપર્વ	૨૫-૦૦
૬૪.	મધુર અદ્વૈત	૫૦-૦૦
૬૫.	મધુવનમાં સત્સંગ	૧૫-૦૦
૬૬.	મન સાથે મૈત્રી	૨૦-૦૦
૬૭.	મનની ક્ષિતિજ*	૫૦-૦૦
૬૮.	મનીષીની મનનધારા	-
૬૯.	માર્ક્સ-માઓ-ગાંધી પછી શું ?*	૪૫-૦૦
૭૦.	માર્ગદર્શિકા	૧૫-૦૦
૭૧.	માતૃશક્તિ	૭-૦૦
૭૨.	માનવ બનો	૭૦-૦૦
૭૩.	માનવ નિર્માણ	૧૦-૦૦
૭૪.	માનવતાને કેળવણી*	૩૦-૦૦
૭૫.	માનવીય ક્રાંતિ રાહ જુએ છે	૫૫-૦૦
૭૬.	મિત્ર મિલન	૧૦-૦૦
૭૭.	મુક્તિ સોપાન*	૮૦-૦૦
૭૮.	મૌનની સાધના	૨૫-૦૦
૭૯.	મૌનનો નિનાદ	૧૦૦-૦૦
૮૦.	યુવકોને આહ્વાન*	૩૦-૦૦
૮૧.	યોગ આનંદ પર્વ	૨૦-૦૦
૮૨.	યોગક્ષેમં વહામ્યહમ્*	૧૦૦-૦૦
૮૩.	રંગ દે બસંતી ચોલા*	૫૦-૦૦
૮૪.	રૈકીના શિક્ષકો સાથે સંવાદ	૫૦-૦૦
૮૫.	લોકતંત્રની મૂલ્યરક્ષા	૬-૦૦
૮૬.	વિમલ ચૈતન્યમાં ઝંકૃત જ્ઞાનેશ્વરી	-
૮૭.	વિમલ-જીવનયાત્રા	૧૦૦-૦૦
૮૮.	વિમલ ઝરણું : ભાવ સંસ્પર્શ	૨૫-૦૦
૮૯.	વિમલ નિર્ઝર : ભાવ સંસ્પર્શ	૨૫-૦૦
૯૦.	વિમલ પથે જીવનયાત્રા*	૬૦-૦૦
૯૧.	વિમલ વચનામૃત	૨૦-૦૦
૯૨.	વિમલ વાણી	-
૯૩.	વિમલ-શિરીષ જીવન સંવાદ*	૬૦-૦૦
૯૪.	વિમલ સંસ્મરણો	૧૦૦-૦૦

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ક્રમ	શીર્ષક	કિંમત
૯૫.	વિમલસત્ત્વ	૬૦-૦૦
૯૬.	વિમલા ઠકારની જીવનવાણી*	૯૦-૦૦
૯૭.	વિમલાજી-જીવન સાધકની યાત્રા	૧૬૦-૦૦
૯૮.	શિક્ષણ : ચૈતન્ય સંક્રમણ	૨૫-૦૦
૯૯.	જીવનસાધનાના સોપાનો	૪૦-૦૦
૧૦૦.	સઘન સ્વકેળવણી વિશે વિમલાજીના વ્યાખ્યાનો	૬૦-૦૦
૧૦૧.	સત્તાની સમસ્યા*	૩૦-૦૦
૧૦૨.	સત્સંગ સન્નિધિ	૨૦-૦૦
૧૦૩.	સમગ્રતાનું શિક્ષણ	૧૦-૦૦
૧૦૪.	સમન્વયાત્મક વિજ્ઞાન અને અધ્યાત્મ	૨૫-૦૦
૧૦૫.	સહજસમાધિ ભલી	૬૦-૦૦
૧૦૬.	સહિયારો સત્સંગ	૬૦-૦૦
૧૦૭.	સંત જ્ઞાનેશ્વરનો પંચમ પુરુષાર્થ પ્રદિપ ભાગ-૧	૧૭૫-૦૦
૧૦૮.	સંત જ્ઞાનેશ્વરનો પંચમ પુરુષાર્થ પ્રદિપ ભાગ-૨	
૧૦૯.	સાચું ધાર્મિક જીવન જીવવાની ઝંખના	૩૫-૦૦
૧૧૦.	સાથે ચાલો	૩૦-૦૦
૧૧૧.	સાધક અને સાધના*	૪૦-૦૦
૧૧૨.	સાધનામય જીવન	૭૦-૦૦
૧૧૩.	સુશ્રી વિમલાજીનું સમગ્રજીવન દર્શન	૧૦-૦૦
૧૧૪.	સ્થિતિપ્રજ્ઞસ્ય કા ભાષા	૨૦-૦૦
૧૧૫.	સ્વશિક્ષણની કલા*	૫૦-૦૦
૧૧૬.	હવે જોઈએ વિશ્વસંઘ	-
૧૧૭.	હેતની રેલી	૫૦-૦૦
૧૧૮.	શ્રી અમૃતાનુભવ અને ચાંગદેવ પાસષ્ઠિ	૩૫-૦૦
૧૧૯.	શ્રી જ્ઞાનેશ્વરી (પદ્યાનુવાદ)	૩૫૦-૦૦
૧૨૦.	શ્રી જ્ઞાનેશ્વરીમાં વિશ્વરૂપદર્શન યોગ	૭૦-૦૦
૧૨૧.	નારીદેહે અવધૂત	૬૦-૦૦
૧૨૨.	વિમલ આશિષ	-

વિમલ પ્રકાશન ટ્રસ્ટ

''વિમલ સૌરભ'' વાણિયાવાડી શેરી નં.-૯, રાજકોટ-૩૬૦ ૦૦૨ ગુજરાત

ફોન/ફેક્સ : (૦૨૮૧) ૨૩૬૫૨૭૯ e-mail : vimalsaurabh2010@yahoo.com

vimalprakashantrust@yahoo.com

સંપર્ક : +૯૧ ૯૯૨૫૫ ૨૯૦૯૬, +૯૧ ૯૮૨૫૪ ૧૬૭૬૯

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi